

RNI No. GUJGUJ/2011/44815


શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ

VOL - 9 • ISSUE NO - 1 • 5th JANUARY - 2021 • RETAIL PRICE : RS. 10/- • PAGE - 24



બધું ભૂલી અચાનક ક્યાંક મળવાની મજા પડશે,
જૂના રસ્તે નવેસરથી નીકળવાની મજા પડશે,
ફરીથી સંગઠન, સંનિષ્ઠાથી સેવાના રસ્તા પર જવું છે.
ઊઠીને એકબીજામાં જ ઢળવાની મજા પડશે !!



## માતૃસંસ્થાની અટારીએથી...

**પ્યારા સૌ રઘુવંશી ભાઈઓ-બહેનો અને યુવા મિત્રો,**
**સૌને જય જલારામ..... જય રઘુવંશ..... જય મહાપરિષદ.....**

આપણા સંસ્કાર, સદ્‌ગુણો તેમજ સંસ્કૃતિના ઘડતર અને વિકાસમાં, એની ઉત્ક્રાંતિ અને ઉત્કર્ષમાં આપણા પરિવારની સાથે આપણા સમાજ કે જ્ઞાતિનું પણ મહત્ત્વનું યોગદાન હોયછે. આપણા જીવનક્ષેત્રે માતા-પિતા, બંધુજનો, સ્વજનો, મિત્રો વગેરેની જેમ આપણને યોગ્ય દિશામાં પ્રેરનાર, માર્ગદર્શન આપનાર આપણામાં હોંશને હિંમત પૂરનાર, આપણી ભૂલો-કસુરો નિવારનાર, આપણી સત્વસંપદાનું સંવર્ધન કરનાર, આપણને આસુરી તત્વો અને આપત્તિઓ સાથે અણનમ રહી ઝુઝવાનું બળ તથા કૌશલ્ય બક્ષનાર આપણો સમાજ કે જ્ઞાતિ હોય છે. જેમ "ગુરુમાં ગોવિંદ તેમ જ્ઞાતિમાં પણ ગોવિંદ"ના દર્શન કરવાનો ભાવ કેળવાય તો એ જ્ઞાતિમાં જન્મ ધારણ કરવાની ધન્યતા અને ગૌરવ મેળવી શકાય.

એવું કહેવાય છે કે ભગવાન શ્રી રામના કુળના છે આપણે સૌ રઘુવંશીઓ. રઘુકુળ ભૂષણ શ્રી રામના મૂલ્યો, દાદા જસરાયની વિરતા, પૂ. જલારામબાપની સેવાને સદાવ્રત, પૂ. ભાણ સાહેબની કરુણા, પૂ. યોગીબાપાના પ્રેમ અને સુહૃદયતા જેવા અનેક દિવ્ય સદ્‌ગુણોનો વારસો ધરાવતા આપણે સૌ રઘુવંશી સમાજના હોવાનું સદનસિબ પ્રાપ્ત કરતા કૃતજ્ઞતા અનુભવીએ છીએ.

આવા ભવ્ય અને દિવ્ય સદ્‌ગુણોનો વારસો ધરાવતા રઘુવંશીઓની વૈશ્વિક માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ તરીકે મારી વરણી થઈ છે ત્યારે સૌ પ્રથમ ભગવાન શ્રી રામ,  અને આ સૌ પૂજનીય સંત વિભૂતિઓના ચરણોમાં વંદન કરુ છું. વ્હાલા રઘુવંશીઓ ગત વરણી સમિતિમાં ખૂબ જ હકારાત્મક વાતાવરણમાં વરણી સમિતિના તમામ સભ્યોએ મારી પ્રમુખ તરીકે પસંદગી કરી તે બદલ સૌ સભ્યોનો હૃદયપૂર્વક આભાર માનું છું ખાસ કરીને તત્કાલિન પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, માન.શ્રી નિવનચંદ્ર રવાણી સાહેબ શ્રી ઠાકોરભાઈ ઠક્કર, શ્રી ભાવેશભાઈ લાખાણી એ વિશિષ્ટ જવાબદારી નિભાવી તે બદલ તેઓનો ધન્યવાદ સહ ખૂબ ખૂબ આભાર. ગત ૨૦ ડિસેમ્બરના રોજ ઓન લાઈન યોજાયેલ મધ્યસ્થ મહાસમિતિમાં પણ ખૂબ જ મોટી સંખ્યામાં સૌ રઘુવંશી શ્રેષ્ઠીઓએ જોડાઈને સર્વાનુમતે વરણી સમિતિની પસંદગીને મહોરમારી વિધિવત રીતે મને પ્રમુખનું પદ સોપ્યું તે માટે આપ સૌ જ્ઞાતિજનોનું હાર્દિક અભિવાદન કરી આભાર પ્રગટ કરુ છું.

આ ઉપરાંત આંતરરાષ્ટ્રિય કક્ષાએ વિવિધ દેશોના જ્ઞાતિ શ્રેષ્ઠીઓ નોર્થ લંડનના પ્રમુખશ્રી અને જ્ઞાતિ શ્રેષ્ઠીઓ, આફ્રિકાના વિવિધ દેશોના મહાજનશ્રીઓ, ક્રેનેડાના જ્ઞાતિજનો, યુએસના સૌ શ્રેષ્ઠીઓ તેમજ વિવિધ દેશોના સાથ સહકારની પણ નોંધ લઈ આભારની લાગણી વ્યક્ત કરુ છું.

ભારતના તમામ ઝોનના જ્ઞાતિશ્રેષ્ઠીઓએ જ્યારે હું સૌને રૂબરૂ મળવા ગયો ત્યારે જે ઉમળકાભેર આવકાર આપ્યો તે આપ સૌની જ્ઞાતિ પરત્વે અને મહાપરિષદ પરત્વેની ઉંડી લાગણી અને સમાજ પરત્વેની નિષ્ઠા દર્શાવે છે.. આપ સૌનો આવો જ સાથ અને સહકાર જ્ઞાતિ વિકાસના કાર્યોમાં મળતો રહેશે તેવી શ્રદ્ધા વ્યક્ત કરી આભાર માનું છું. શ્રી હરીશભાઈ લાખાણી, શ્રી જીતુભાઈ લાલ, શ્રી ધનવાનભાઈ કોટક, શ્રી બંધુ, શ્રી મહેશભાઈ મુલાણી તથા ઉત્તર ગુજરાતના સૌ શ્રેષ્ઠીઓ વગેરેના સાથ સહકારની હાર્દિક નોંધ લઈ આભાર માનું છું.

મધ્યસ્થ મહાસમિતિ સભા અખિલ મહારાષ્ટ્ર લોહાણા સમાજ તેમજ મુંબઈ લોહાણા મહાજનના યજમાન પદે સફળતાપૂર્વક સંપન કરવા માટે સ્વાગત યજમાન માન. શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી, શ્રી પિયુષભાઈ ગંઠા અને તેની સમગ્ર ટીમનો વિશેષ આભાર માનું છું. તો કોરોના મહામારીને કારણે આ બેઠક મુંબઈના બદલે અમદાવાદથી ઓન લાઈન સંપન થઈ જેની સંપૂર્ણ સ્પોન્સરશીપ શ્રી પ્રવિણભાઈ કોટકે નિભાવી તેમજ સ્થાનિક ટીમ શ્રી હરીશભાઈ, શ્રી ધર્મેશભાઈ અને સૌ કાર્યકર્તાઓએ સુંદર રીતે આયોજિત કરી તે માટે સૌને અભિનંદન પાઠવી આભાર વ્યક્ત કરુ છું.

ભાઈઓ-બહેનો સુપ્રસિદ્ધ ચિંતક બટ્રોન્ડ રસેલે પોતાની આત્મકથાની પ્રસ્તાવનામાં લખ્યુ છેઃ મારુ જીવન ત્રણ જાતની પ્રબળ લાગણીઓથી સંવર્ધન પામ્યું છે : પ્રેમના તલસાટ, જ્ઞાનની શોધ અને મનુષ્યજાતની યાતનાઓ માટે અસહ્ય અનુકંપા, પ્રેમ અને જ્ઞાન મને શક્ય હોય ત્યાર સુધી સ્વર્ગની દિશા તરફ દોરી ગયાં છે, પરંતુ અનુકંપાએ મને ધરતી પર ઉતાર્યો છે. અન્યની તકલીફો, પીડા, મુશ્કેલીઓથી મારા હૃદયમાં વ્યથાના આર્તસ્વરો પડઘાયા છે. આગળ તેણે એક નાનકડા વાક્યનાં વિશ્વની સમગ્ર માનવ જાતને મહાન સંદેશ આપ્યો છે. "વિસ્તારો અથવા વિલય પામો!" વ્હાલા જ્ઞાતિજનો, પ્રમુખ તરીકેનો મારો પ્રથમ અને મુખ્ય પ્રકલ્પ છે સંગઠન. આપણે સૌએ 'સ્વ' થી સમાજના સર્વ સુધી પહોચવું હોય તો સંગઠન થકી જ વિસ્તરી શકીશું. જ્યારે કોઈ વ્યક્તિ પોતાની મટીને સૌની બને છે, ત્યારે પરિવાર વિભૂતિમાંથી સમાજ વિભૂતિમાં ફરવાય છે અને ત્યારે એ સમાજ કે જ્ઞાતિ અચુક પ્રગતી કરે છે. ચાલો આપણે સાથે મળી સંગઠન, સંનિષ્ઠા થી સેવાનાં મંત્રને અપનાવી "એક ને એક બે નહિ પરંતુ અગીયાર બનીને" માતતૃસંસ્થા મહાપરિષદ અને રઘુવંશી સમાજને ગૌરવ અપાવીએ.

**સતિષ ડી. વિઠ્ઠલાણી**
**પ્રમુખ, શ્રી લોહાણા મહાપરિષદ**

જાન્યુઆરી - 2021


**માસિક**

**શ્રી લોહાણા મહાપરિષદ**

પ્રકાશક / પ્રમુખ : સતિષ ડી. વિઠ્ઠલાણી
તત્કાલિન પ્રમુખ : પ્રવિણ ટી. કોટક
તંત્રી : પ્રોફે. ચંદ્રકાન્ત જે. તન્ના
વ્યવસ્થાપક મંત્રી : હરીશ બી. ઠક્કર

**વિભાગીય સંકલક શ્રીઓ :**
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : જયપ્રકાશ વસાણી (નાગપુર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
દક્ષિણ-ભારત : ભરત ઠક્કર (કલીકટ)

**માર્ગદર્શક શ્રીઓ :**
યોગેશભાઈ લાખાણી
હીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ ટ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

**રજી. કાર્યાલય**
બેઝમેન્ટ, ઈસ્કોન મેગા મોલ,
ઈસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન : (૦૭૯) ૪૦૦૯૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org

લવાજમ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-

**ઈમેઈલ :**

raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)

jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)

**હેલ્પલાઈન નં. :**

૦૭૯-૪૦૦૯ ૧૦૦૫, ૯૯૦૯૯ ૯૯૩૦૮



'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોને નોંધ લેવી.



## અનુક્રમણિકા


| | |
|---|---|
| માતૃસંસ્થાની અટારીએથી | ૨ |
| તત્કાલીન પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકનું નિવેદન | ૪ |
| તંત્રી સ્થાનેથી | ૫ |
| કારોબારી સમિતિનો અહેવાલ | ૬ |
| મધ્યસ્થ મહાસમિતિનો અહેવાલ | ૧૨ |
| પરિચય શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી | ૨૧ |
| મહિલા વિભાગ | ૨૩ |
| સૌજન્ય જાહેરાત - (શ્રી હરીશ બી. ઠક્કર, અમદાવાદ) | ૨૪ |




**૧૫મા પ્રમુખ તરીકે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ઈતિહાસનો નવો અધ્યાય અંકિત કરવા તૈયાર શ્રીમાન સતિષભાઈ વિઠ્ઠલાણી**

## માતૃસંસ્થાના તત્કાલિન પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકનું નિવેદન



**પ્યારા સૌ રઘુવંશી ભાઈઓ-બહેનો અને યુવા મિત્રો,**
**જય જલારામ ....... જય રઘુવંશ.... જય મહાપારિષદ .....**

કેલેન્ડરના પાનાં ફરતાં જાય ને સમય, દિવસો વર્ષો અને જીંદગી કેમ વિતી જાય છે તેની ખબર પણ નથી પડતી. પણ ૨૦૨૦નું વર્ષ કોવિડના કકળાટમા સમગ્ર માનવ જાતી માટે થોડું કપરૂ અને વસમું વિત્યું. સમગ્ર વિશ્વના લોકો ૨૦૨૦ના વર્ષને ભુલવા માગે છે છતાં ભૂલી શકતા નથી. હવે એવી શ્રદ્ધા રાખી શકાય કે ગત વર્ષે માનવ જગત પર જે વીતી તેવી કોરોનાની ઘાતકતા ૨૦૨૧માં નહિ અનુભવાય. રસી આવી ગઈ છે. આપવાનુ પણ શરૂ કરી દેવાયુ છે, પરંતુ આ વેક્સિન ૧૩૮ કરોડની વસ્તી સુધી પહોચવામાં ઘણો સમય નીકળી જવાનો. એટલે સાવધ તો રહેવું જ પડશે. પણ માનવ મનમાં આશાનો સૂર્યોદય થયો છે અને નિરાશાનો સૂર્યાસ્ત થયો છે.

ભાઈઓ-બહેનો, માતૃસંસ્થા મહાપરિષદ માટે પણ નવો અને ઉત્સાહ પૂર્ણ સૂર્યોદય થયો છે. આપ સૌ જાણો છો કે ગત માસમાં યોજાયેલ મધ્યસ્થ મહાસમિતિમાં માન. શ્રી સતિષભાઈ વીઠલાણીની માતૃસંસ્થાના ૧૫ માં પ્રમુખ તરીકે ૨૦૨૦-૨૦૨૫ના સમયગાળા માટે સર્વસમંતિથી વરણી થઈ છે. શ્રી સતિષભાઈ બહુ મુખી પ્રતિભા ધરાવતા રઘુવંશી સમાજના અદના સેવક છે. સફળ ઉદ્યોગપતિ અને ઉદાર વ્યક્તિત્વ ધરાવતા શ્રી સતિષભાઈ માતૃસંસ્થાના સુકાની તરીકે ખૂબ ઉમદા કાર્યો દ્વારા મહાપરિષદને એક ઉંચા અને સફળ મુકામ પર પહોંચાડશે જ તેવી મને પૂરી શ્રદ્ધા છે. મારા કાર્યકાળ દરમિયાન જે કઈ સારુ અને સમાજ ઉપયોગી પ્રકલ્પો હાથ ધરાયા તે વારસાને શ્રી સતિષભાઈ વધુ ગતીશીલ બનાવી મારા કરતા દશ ગણુ સારું કાર્ય કરે તેવી મારી હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવું છું.

વ્હાલા જ્ઞાતિજનો, મે પ્રમુખ સેવકમાંથી પ્રમુખ પદની વહેંચણી શ્રી સતિષભાઈને કરી છે, પણ હું સેવક તરીકે તો છુ જ. મેં અગાઉ પણ કહ્યું હતું જે આજે ફરીથી દોહરાવું છું કે મારા રઘુવંશી સમાજ માટે હું ૨૪ X ૭ હાજર હતો, છું અને હંમેશા રહીશ. મારા માતા-પિતા અને ગુરુજનો પાસેથી એ શીખ્યો છું કે 'પરાયા દર્દ' જો અપનાયે ઉતે ઇન્સાન કહતે હૈ, કીસી કે કામ જો આયે ઉસે ઇન્સાન કહેતે હૈ. યુતો પશુ ભી અપના પેટ ભર લેતે હૈ, લેકિન પથિક જો બાટકર ખાયે ઉસે ઇન્સાન કહેતે હૈ". મે મારા વકતવ્યોમાં પણ ઘણીવાર આ પંક્તિઓ ટાંકી છે અને મારા જીવનમાં વ્યવહારો દ્વારા અમલમાં પણ મૂકી છે. તેથી રઘુવંશી સમાજ માટે માતૃસંસ્થા પહાપરિષદ માટે શ્રી સતિષભાઈ માટે, તન, મન અને ધનથી મારી સેવા આપવા હંમેશા તત્પર રહીશ.

મારા કાર્યકાળ દરમિયાન મને વિશ્વભરના જ્ઞાતિશ્રેષ્ઠીઓનો અઢળક પ્રેમ, હુંફ અને માર્ગદર્શન પ્રાપ્ત થયા છે તે મારે માટે ચિરસ્મરણીય રહેશે. માતૃસંસ્થાના સૌ ટ્રસ્ટીઓ, દાતાઓ, પદાધીકારીઓ, કારોબારીના તમામ સભ્યો તરફથી સતત અને અવિરત સાથ સહકાર અને સ્નેહ પ્રાપ્ત થયા છે તે ક્યારેય ભુલાશે નહિ. હું આપ સર્વેને નમ્ર અરજ કરુ છું કે જે ઉમળકો અને આશીર્વાદ મને પ્રાપ્ત થયા છે તે ક્યારેય ભુલાશે નહી. હું આપ સર્વેને નમ્ર અરજ કરુ છું કે જે ઉમળકો અને આશીર્વાદ મને પ્રાપ્ત થયા તેવા જ અરે તેથી વિશેષ શ્રી સતિષભાઈ અને તેની ટીમને આપતા રહેજો. જ્ઞાતિ અને સમાજની સેવામાં મતભેદ તો થતા જ રહેવાના, પણ મનભેદ ક્યારેય ન થાય તેની આપણે સૌ કાળજી અને તકેદારી અચુક રાખીએ. ચાલો આપણે સૌ સાથે મળી માતૃસંસ્થા મહાપરિષદ રુપી જ્ઞાતિગંગાને મલિન ન બનાવતા તેની પવિત્રતા તેમજ નિર્મળતાને સંપ, એકતા, સહૃદયભાવ અને ત્યાગ થી સિંચન કરી ટકાવીએ. આપણે આપણી ઊર્જા જ્ઞાતિ વિકાસ માટે રચનાત્મક-સર્જનાત્મક અને સકારાત્મક પરિણામો હાંસલ કરવામાં કેન્દ્રિત કરીએ. સૌના સારા સુખના નિમિત્તે થતાં થતાં આપણને પણ વધુને વધુ સુખી કરીએ. આવો આપણે ત્યાગીને ભોગવીએ, આપીને પામીએ, ઠારીને ઠરીએ.

સૌને ૨૦૨૧ની સુખમય, સ્વાસ્થ્યસભર અને મહાપરિષદમય શુભેચ્છાઓ...

**પ્રવિણ કોટક**
**તત્કાલિન પ્રમુખ, શ્રી લોહાણા મહાપરિષદ**

તંત્રી સ્થાનેથી

# હાશ, વસમાં ૨૦૨૦ની વિદાય, ૨૦૨૧ને રાહતની આશથી આવકાર

બે હજાર વીસના વિતેલા વરસ ઉપર નજર કરીએ તો દરેક વ્યક્તિ એક જ સુરમાં કહેશે કે આપણા આયખાનું સૌથી વસમું વરસ. મજાકમાં કોઇએ આ વર્ષને "વિષ-વિષ" (ઝેર) વર્ષ કહ્યું. એક સાથે કોઇ એક ઘટનાએ આખી દુનિયાને ભરડામાં લીધી હોય તેવું ભાગ્યેજ બનતું હોય છે. જે નરી આંખે દેખાતો નથી અને હજુ પૂરેપુરો ઓળખાયો નથી એવો કોરોના વાયરસ આખે આખા વર્ષને બદનામ કરતો ગયો. આખું વર્ષ જાણે હોરર ફિલ્મ જેવું હતું. રોજ રોજ મોતના વધતા આંકડાઓ ધ્રુજાવી જતા હતા. એવી કોઇ જીવિત વ્યક્તિ નહિ હોય કે જેનો કોઇ સ્વજન, કોઇ પરિચતજન આ મહામારીનો ભોગ ના બન્યો હોય! રોજ સવાર પડે ને મૃત્યુના આકડાનો હાર પહેરીને સમગ્ર માનવજાત કેવો મોટો પરાજય સ્વીકારતી રહી. કેવી નિયતી? અનેક અંગત રઘુવંશીઓ અને જાણીતા સ્વજનોની વિદાયનું આ ગમખ્વાર વર્ષ રહ્યું તો ઘણી જાણીતી હસ્તીઓ કોવિડના કાળમાં અચાનક ગઇ અને તેને સરખી વિદાય પણ ન આપી શકાય તેનો વસવસો વર્ષો સુધી રહેશે. કોઇએ સાચું જ કહ્યું, "અજીબ સાલ થા યે, કિસીકે સપને લે ગયા તો કિસી કે અપને!" કોઇએ પરિવાર જન, તો કોઇએ નોકરી ગુમાવી, કોઇને ધંધામાં ફટકો પડ્યો.

ખેર, સમય ભલભલા જખ્મો રૂઝાવી દે છે. ડાઘ રહી જાય તોય પીડા નથી થતી પછી. એમાય આપણે ભારતીયો, આપણા રઘુવંશીઓ તો ગમે તેવી આફતને પણ અવસરમાં ફેરવવા માટે જાણીતા છે. તો સાથે સાથે "હરિ કરે સો હોય" સમજીને વિઘ્નોને વિપત્તિઓમાંથી માર્ગ શોધવાની આવડત પણ ધરાવે છે. જેમ કે ૨૦૨૦ માં કોરોનાની સાથે સાથે જીંદગીમાં આવતી કોઇપણ પરિસ્થિતિ સામે કેમ લડવું એ સહુ કોઇ શિખ્યાં છે. વિતેલું વર્ષ ખરેખર વસમું હતું અને ખરાબ સમય વિતિ ગયો છે. ૨૦૨૧માં ખાસ કરીને આર્થિક સદ્ધરતા ફરી મળી રહે તવી આશ દરેકના મનમાં છે. પારિવારીક અને સામાજિક જિંદગીના તાણાં વાણાં ફરી સુગ્રથિત થાય અને જિંદગી ફરી એ જ જુની રફતાર પકડે તેવી સહુ કોઇને આશ છે. પણ છતાય ૨૦૨૦માંથી પર્સનલી આપણે ઘણા યુનિવર્સલ પાઠ શીખ્યા છે. નવા વર્ષે દરેક વ્યક્તિ પોતાની અને પરિવારની આરોગ્ય સમૃદ્ધિ જળવાઇ રહે તે માટે સભાન બની ચૂકી છે. આયુર્વેદ, ઘરગથ્થું નૈસર્ગિક ઉપચાર અને અન્ય દવાઓથી ઇમ્યુનિટિ પાવર વધારવાની આદત સહુ કોઇને પડી ગઇ છે. ૨૦૨૦માં જીંદગીમા અનેક નવી જુગાડુ બાબતો આવી તે પણ વગોડવા જેવી છે. માર્ચ મહિનાથી લોકડાઉન શરૂ થયું ને બધા પોતના ઘરોમાં પૂરાઈ ગયા હતા. શેરી મહોલ્લામાં પોતાના સ્વજન મળે તો પણ સોશિયલ ડીસ્ટન્સ જણાતું હતું. આ ડીસ્ટન્સ દૂર કરવા લોકોએ વિડિયો કોલિંગનો સહારો લીધો. આ વર્ષે મોટા ભાગના પરિવારો એ વિડિયો કોલીંગથી દિવાળી મનાવી. માત્ર દિવાળી જ નહિ આઠ મહિના દરમિયાન વિડિયો કોલિંગ અને અન્ય સોસિયલ મિડિયાથી એક મેકના સ્નેહનો સથવારો જાળવી રાખ્યો. એટલે આપણે શીખ્યા કે ડિજીટલ ઇઝ નોટ ડેવિલ. મોબાઇલ કે ટીવી ને બગડી ગયેલી નવી પેઢીના રમકડાં ગણતા ઘણા વડીલોએ લોકડાઉનના દિવસો એના જોરે જ સુખેથી પસાર કર્યા. નવી ટેક્નોલોજી કંઇ શેતાનનું રૂપ જ નથી હોતી. ભગવાનનું વરદાન પણ નીવડે છે. શાળામાં મોબાઈલની મનાઇ કરવાવાળાઓની મૂછોના કાતરા કાપી લીધા આ કોરોનાએ અને બંધ શળામાં મોબાઇલ ચાલુ રખાવવા પડયા.

કોરોના કાળની શરૂઆત વર્ક ફ્રોમ હોમથી થઇ હતી તેની આદત પરિવારમાં વર્ક ફોર હોમમાં પરિવર્તિત થઇ ચૂકી છે. પુરુષ વર્ગ ઘરમાં મહિલા સભ્ય સાથે ખભેખભા મિલાવીને દરેક કામ કરતા થયા છે. પરિણામે પરિવારના સભ્યો વચ્ચેના બોન્ડિંગ મજબુત બન્યા છે. આમ વર્ક ફ્રોમ હોમ, નેટ મિટિંગ, વિડિયો લેકચર્સ, ઓનલાઇન, ઓટીટી, બિટકોઇન આ બધુ શીખ્યા આપણે. પણ આ તો શરૂઆત છે. હવે આ રસોઇ દાઢે વળગી એટલે એનો વ્યાપ ને માંગ વધશે, ઘટશે નહિ. આપણે એ પણ શીખવા મળ્યું કે વર્ગમાં જ સ્વર્ગ, પરીક્ષાની જ પ્રતિક્ષા, ગુણાંક એ જ ગુણવત્તા, ગોખણપટ્ટી એ જ જ્ઞાન-આ બધાનો નકાબ એક ઝાટકે એક અદશ્ય વાઇરસે દુનિયાભરમાં ચીરી નાખ્યો. એવું કહેવાય છે કે વિશ્વભરમાં લગભગ ૧.૬ અબજ વિદ્યાર્થિઓને કોવિડને કારણે અસર પહોચી છે. એક અંદાજ પ્રમાણે સ્કૂલે જતાં વિદ્યાર્થીઓ હવે ઓનલાઇન લર્નિંગ પાછળ લગભગ ૫૦ ટકાથી વધારે સમય આપે છે અને નવુ જ્ઞાન ગ્રહણ કરવાની ઝડપ ઓનલાઇ પદ્ધતિથી ૬૦% વધી જાય છે. એક તારણ મુજબ ૨૦૨૫ સુધીમાં, ભારતમાં ઓનલઇન શિક્ષણમાં દસગણો વધારો નોંધાઇ શકે છે.

૨૦૨૧ની શરૂઆતમાં ચહેરા પર માસ્ક અને હાથમાં સેનેટાઇઝર સાથે આશાઓ અત્યારે તો વિન્ટલેટર પરથી સામાન્ય બનતી જણાય છે. નવું વર્ષ જેમ વિતતુ જશે તેમ તેમ ૨૦૨૦ની વસમી યાદ ભૂલાતી જશે. હવે તો વેક્સિન પણ આવી ગઇ છે. પણ રાજકોટ એઇમ્સના શિલાન્યાસ વખતે વડાપ્રધાન મોદીજીએ કહ્યું કે કોરોનાની રસી આવી ગઇ છે એટલે કોરોના ગયો એવા ભ્રમમા રહેશો નહિ. વેક્સિન પર આશા ખરી પણ માસ્ક, સેનેટાઇઝર અને ડિસ્ટન્સ જ ૨૦૨૧માં કવર જેવી ભૂમિકા ભજવશે. સૌને હેપી, હેલ્ધી ૨૦૨૧!!

૨૦૨૧ની શુભેચ્છાઓ સાથે નવા વર્ષમાં માતૃતસંસ્થાના નવા પ્રમુખ તરીકે માન. શ્રી સતિષભાઈ વીઠલાણીએ વિધિવત પદગ્રહણ કરી લીધુ છે. જેનો વિગતે અહેવાલ આ અંકમાં સામેલ છે. સમગ્ર રઘુવંશી સમાજ તેઓના પ્રતિભાવંત વ્યક્તિત્વને ઓળખે તે હેતુ તેઓનો પરિચય પણ અલગથી આપ્યો છે. ચાલો એકવીસમી સદીના આ એકવીસમાં વર્ષના પ્રારંભે માતૃસંસ્થાના ૧૫ માં પ્રમુખના નેતૃત્વમાં મહાપરિષદ વિકાસ અને પ્રગતિની હરણફાળ ભરે તેવી અપેક્ષા સહ શ્રદ્ધા વ્યક્ત કરીએ. નવ નિયુક્ત પ્રમુખ શ્રી સતિષભાઈને શુભેચ્છા પાઠવીએ કે આપ નવી આશ અને અરમાન સાથે આગે બઢો, હમ આપકે સાથ હૈ.

- પ્રોફે. ચન્દ્રકાન્ત જે. તન્ના

# શ્રી લોહાણા મહાપરિષદની ૧૨ મી કારોબારી સમિતિની મીટીંગ ઝૂમ એપ પર અત્યંત સફળતાપૂર્વક સંપન્ન

વિશ્વભરમાં કોરોના વાઈરસ મહામારી સૌની ધારણા કરતા વધુ લાંબી ચાલતા સરકારશ્રીના આદેશ અનુસાર અત્યારના સંજોગોમાં કોઈ પણ રાજકીય, ધાર્મિક કે સામજિક સભા કે મેળાવડા યોજવા પર પ્રતિબંધ છે. આ સંજોગમાં તત્કાલીન પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકના નેતૃત્વમાં  માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરીષદની ૧૨ મી કારોબારી સમિતિની મીટીગ શનિવાર તા. ૧૯ ડીસેમ્બર, ૨૦૨૦ ના રોજ ઝૂમ એપ પર સાંજે ૪.૦૦ કલાકે રાખવામાં આવી.

આ મીટીંગમાં જોડાયેલ કારોબારી સભ્યો તથા હોદ્દેદારોનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. કારોબારી સમિતિની મીટીગની શરુઆત રઘુવંશી ધ્વજવંદન ગીત સાથે કરવામાં આવી હતી. મીટીંગમાં અનિવાર્ય સંજોગો વસાત ન જોડાઈ શક્યા તે સભ્યો પાસેથી પ્રાપ્ત થયેલ સંદેશાઓ મંત્રીશ્રી હરીશભાઈ ઠક્કર દ્વારા રજુ કરવામાં આવ્યા હતા, જેને સભાએ બહાલી આપી હતી. કોરોના મહામારી તેમજ અન્ય આફતોને કારણે અવસાન પામેલ રઘુવંશીઓના મધ્યસ્થ કાર્યાલય પર પ્રાપ્ત થયેલ નામી, અનામી દિવંગતોને શ્રદ્ધાંજલિ અને શોક ઠરાવ પસાર કરવામાં આવ્યો.

મંત્રીશ્રી હરીશભાઈ ઠક્કરે તા. ૧ જુલાઈ, ૨૦૨૦ ના રોજ ઓનલાઈન ઝુમ એપ પર મળેલી ગત કારોબારી સમિતિ બેઠકની મિનિટ્સનું વાંચન કરી તેની બહાલી મેળવી અને પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના હસ્તાક્ષર પ્રાપ્ત કર્યા હતા.

શ્રી લોહાણા મહાપરિષદ તથા રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટના નાણાંકીય વર્ષ ૩૧-૩-૨૦૨૦ ના પુરા થતા તેમજ ટ્રસ્ટ  મંડળમાં મંજુર થયેલ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦૨૦ ના ઓડીટ થયેલા હિસાબોની રજૂઆત ઓડિટર શ્રી વસંતભાઈ અનારકટ એ સભામાં રજૂ કર્યા હતા અને સભાની બહાલી મેળવી હતી.

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના આગામી પાંચ વર્ષ ૨૦૨૦-૨૦૨૫ માટે ઓડીટર તરીકે શ્રી પ્રવિણભાઈ કોટક દ્વારા અમદાવાદના એલ.જી. ઠક્કર એન્ડ કંપનીના શ્રી અસીમભાઈ ઠક્કરની નિમણુંક કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૦ દરમીયાન પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના નેતૃત્વ હેઠળ થયેલ જ્ઞાતિના સેવાકાર્યોની એક ઝલક સ્વરૂપે વીડીયો ક્લીપ બતાવવામાં આવી હતી. આ મીટીગમાં ખાસ પધારેલ કોલકાતા નિવાસી માતૃસંસ્થાના પૂર્વ પ્રમુખ તેમજ વરિષ્ઠ ટ્રસ્ટી શ્રી









રવિન્દ્રભાઈ વાઘાણી દ્વારા પ્રાસંગીક ઉદ્દ્બોધન કર્યું હતું અને પાંચ વર્ષ દરમીયાન બુલેટ ટ્રેનની ઝડપે માતૃસંસ્થાને વિશ્વવ્યાપી બનાવવા બદલ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના સેવાકાર્યોને વધાવી તેમને શુભેચ્છા આપી અભિનંદન પાઠવ્યા હતા.

તા. ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ અમદાવાદ મુકામે મળેલ મધ્યસ્થ મહાસમિતિમાં બંધારણના નિયમો મુજબ રચાયેલ વરણી સમિતિની દ્વીતીય મીટીંગ તા. ૧૦ નવેમ્બર, ૨૦૨૦ ના રોજ ઝૂમ એપ પર મળેલ જેમાં આગામી પાંચ વર્ષ માટે સર્વાનુમતે વરણી પામેલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના નવા પ્રમુખ તરીકે શ્રી સતિષભાઈ ધીરજલાલ વિઠ્ઠલાણીના નામની જાહેરાત માતૃસંસ્થાના પૂર્વ પ્રમુખ તેમજ વરિષ્ઠ ટ્રસ્ટી અને વરણી સમાતિના સભ્ય શ્રી રવિન્દ્રભાઈ વાઘાણીએ કરી હતી. શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીના નામની જાહેરાતને સમગ્ર કારોબારી સમિતિના સભ્યોએ રાજીપો વ્યક્ત કરી નિમણુંકને વધાવી હતી. તો સાથો સાથ માતૃસંસ્થા થકી સમગ્ર સમાજમાં સંગઠનને મજબુત બનાવવા માટે શ્રી પ્રવિણબાપાએ પણ ભારપૂર્વક સભ્યોને વિનંતિ કરી હતી.

શ્રી લોહાણા મહારિષદના બંધારણ મુજબ મધ્યસ્થ મહાસમિતિના સભ્યોની કુલ સંખ્યા ૧૦૦૦ છે, જેમાં ૧૦૦ વધારી ૧૧૦૦ કરી આપવા જેથી માતૃસંસ્થાનું સંગઠન મજબુત બને અને વિદેશમાંથી પણ વધુમાં વધુ લોકો જોડાઈ સમાજમાં એકતાનો તેમજ વિકાસનો સંચાર થાય તે માટે શ્રી રવિન્દ્રભાઈ વાઘાણી દ્વારા રજુઆત કરવામાં આવી હતી જેને હાજર રહેલ તેમજ ઓનલાઈન જોડાયેલ કારોબારી સમિતિએ બહાલી આપી હતી. ત્યારબાદ માતૃસંસ્થાના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કરે પ્રાસંગીક ઉદ્દ્બોધન કર્યુ હતું અને આગામી પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીને અભિનંદન પાઠવ્યા હતા.

માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્ઝ પૈકી વર્ષ ૨૦૧૯ના બાકી રહેલ શ્રી તલકશીભાઈ દલછારામ કોટક ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરીત શ્રેષ્ઠ રઘુવંશી વ્યાપારી પ્રતિભા એવોર્ડ અમદાવાદના શ્રી નિલ ભરતભાઈ કોટક (ઇસ્કોન બાલાજી ફૂડ) ને આપી તેનું બહુમાન કરવામાં આવ્યું.








મંત્રી શ્રી હરીશભાઈ ઠક્કરએ કોરોના વાયરસની વૈશ્વિક મહામારીના કારણે સમાજના પરિવારોને થતી હાલાકીમાં સમાજ ઉપયોગી થઈ શ્રી પ્રવિણભાઈ કોટક તથા શ્રી જયેશભાઈ કોટક દ્વારા શ્રી તલક્શીભાઈ દલછારામ કોટક ચેરીટેબલ ટ્રસ્ટ વતી માતૃસંસ્થા દ્વારા આ મહામારીમાં જરૂરિયાતમંદ પરિવારો માટે થયેલ સરાહનીય કાર્યોની વિગતો આપી તેમજ વૈશ્વીક મહામારીને પહોંચી વળવા અને પોઝીટીવ દર્દીઓની સારવાર માટે શ્રી પ્રવિણભાઈ કોટકની પ્રેરણાથી રચાયેલ રઘુવંશી કોરોના સુરક્ષા સમિતિના કાર્યો વિશે સૌને માહીતગાર કર્યા હતા અને પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક તથા સમગ્ર પરિવારને અભિનંદન આપ્યા હતા.

નાગપુરથી ખાસ પધારેલા વિદર્ભ સહ મધ્યભારતના વિભાગીય ઉપપ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ દાવડાએ પણ પોતાના પ્રાસંગીક ઉદ્‌બોધનમાં માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ તરફથી છેલ્લા પાંચ વર્ષ દરમીયાન વિદર્ભ મધ્યભારતને શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રમાં મળેલ લાભ બદલ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક તથા સમગ્ર ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો અને પોતાની ટીમની એકતા તેમજ અખંડીતતા હમેંશા માતૃસંસ્થા સાથે છે તેવી લાગણી બતાવી હતી.

ત્યારબાદ ગુજરાત વિભાગના વિભાગીય ઉપપ્રમુખ શ્રી ઠાકોરભાઈ ઠક્કરે પ્રાસંગીક ઉદ્‌બોધન કર્યુ હતું. શ્રી પ્રવિણભાઈ કોટકના નેતૃત્વમાં સમાજમાં થયેલ કાર્યોને બિરદાવી, મંચ પર હાજર રહેલ પૂર્વ પ્રમુખ, વર્તમાન પ્રમુખ તેમજ ભવિષ્યના પ્રમુખને એકસાથે જોઈ રાજીપો વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતા. તેમજ આગામી પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીને હંમેશા પોતાના સાથ, સહકાર તેમજ તન - મન - ધનથી તેમની સાથે જ રહેશે તેવી ભાવના વ્યક્ત કરી હતી. ઠાકોરભાઈએ સુચવ્યુ હતું કે આવતી કાલે યોજાઈ રહેલ નવી મધ્યસ્થ મહાસમિતિની બેઠકમાં નવા આવી રહેલા પ્રમુખશ્રીને એવી સત્તા આપવામાં આવે કે સમાજ માટે જ્યારે જ્યારે જરૂર હોય ત્યારે પ્રમુખશ્રી સમાજ માટે નવા હોદ્દાઓ, નવી સમિતિઓ બનાવી શકે જેથી ભૂતકાળમાં થયેલ બનાવો ભવિષ્યમાં ન બને અને સમાજની એકતા મજબુત બની રહે તેવો ઠરાવ કરાવવા જણાવ્યું હતું.



મીટીગના અંતે માતૃસંસ્થા શ્રી લોહાણા મહારિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે મંત્રી શ્રી હરીશભાઈ ઠક્કરને કહ્યુ કે ઓનલાઈન જોડાયેલ તમામ સભ્યો, ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારો કે જેમને કંઈ પણ કહેવું હોય તો તેઓને સમય આપવામાં આવે અને પછી જ પોતે ઉદ્‌બોધન કરશે. પરંતુ અન્ય કોઈની



રજુઆત ન આવતા જેમની આતુરતાથી રાહ જોવાતી હતી તેવા માનનીય પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે પ્રમુખકીય ઉદ્‌બોધન આપ્યું હતું અને સૌ પ્રથમ આગામી પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીને અભિનંદન આપ્યા હતા, નાદુરસ્ત તબીયત હોવા છતા પોતાના કહેવાથી કોલકાતાથી ખાસ ઉપસ્થીત રહેલ શ્રી રવિન્દ્રભાઈ વાઘાણીનો પણ આભાર માણ્યો હતો. પોતાના કાર્યકાળમાં ટ્રસ્ટીઓ તરફથી મળેલ સાથ, સહકાર, માર્ગદર્શન મળેલ તે બદલ સૌ ટ્રસ્ટીગણનો આભાર માન્યો હતો અને ખાસ જણાવ્યું હતું કે જેટલા પણ હોદ્દેદારો છે, જેમને પોતાના કાર્યકાળ દરમીયાન કામ કર્યા છે તેમની પ્રત્યે તેમજ જેમને કામ નથી કર્યા અને ક્યાંય નડ્યા નથી તેઓ પ્રત્યે પણ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

સાથો સાથ સુ. શ્રી રશ્મિબેન વિઠ્ઠલાણી દ્વારા પણ થઈ રહેલ મહીલા ઉત્કર્ષ માટેના કાર્યોને બિરદાવી નવા વરાયેલા પ્રમુખશ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીને વિનંતિ કરી હતી કે તેઓને મહીલા વિભાગના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નિમણુંક કરે જેથી પ્રમુખશ્રી સાથે મહીલા અધ્યક્ષ પણ સાથે રહી સમાજનો સર્વાંગી વિકાશ થાય તેવી લાગણી વ્યક્ત કરી હતી. મીટીંગના સમાપન પહેલા શ્રી પ્રવીણભાઈ કોટકે સંપૂર્ણ હકારાત્મક અને સકારાત્મક વક્તવ્ય આપ્યું હતું જેમાં તેમણે પોતે ફરીવાર પ્રમુખ બનવા નહોતા માંગતા તેવી નિખાલસ વાત કરી હતી અને વરણી સમિતિએ સંપૂર્ણ બહુમત સાથે કેવી રીતે ફરી પ્રમુખ માટે નામ પસંદ કર્યું તે અંગે વાત કરી હતી. પોતાના દ્વારા રચાયેલ કારોબારી સમિતિની આ છેલ્લી મીટીંગ હોઈ સમગ્ર ટીમનો આભાર માન્યો હતો. નવા વરાયેલ પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી દ્વારા સંપુર્ણ ગુજરાત પ્રવાસ તથા વિદેશથી ઓનલાઈન મીટીંગો દ્વારા સમાજ માટે તેમના કાર્યોને બિરદાવી તેમને અભિનંદન પાઠવ્યા હતા. છેલ્લા ૧૦ મહીનાથી પોતાની સાથે રહી દરેક કાર્યમાં પોતાની માતૃસંસ્થા પ્રત્યે નિષ્ઠા, પ્રેમ અને વફાદારીથી ફરજ બજાવવા બદલ મંત્રીશ્રી હરીશભાઈ ઠક્કરને પણ અભિનંદન આપી આભારની લાગણી વ્યક્ત કરી હતી. માતૃસંસ્થાનું મુખપત્ર શ્રી રઘુકુળ વિશ્વના તંત્રી શ્રી ચંદ્રકાંતભાઈ તન્નાની તંત્રી તરીકેની સુંદર કામગીરી, વિચાર પ્રેરક લેખ અને પાંચ વર્ષના અહેવાલનો વિશેષ અંક ખુબ જ જહેમતથી તૈયાર કરવા બદલ અભિનંદન આપી આભાર માન્યો હતો. પાંચ વર્ષ દરમીયાન હંમેશા મધ્યસ્થ કાર્યાલયમાં રહી દરેક કાર્યોમાં પોતાની મહેનત, લાગણી અને જવાબદારી પૂર્વક કામ કરવા બદલ જય નાગોરાને પણ અભિનંદન આપ્યા હતા.

પોતાના મોટાભાઈ - માતૃસંસ્થાના ખજાનચી શ્રી હિમંતભાઈ કોટક તરફથી મળેલ સાથ, સહકાર, કાર્યાલયમાં હમેંશા હાજર રહી દરેક કામમાં નિષ્ઠાથી ખજાનચી તરીકે ફરજ બજાવવા તેમનો આભાર માની શુભેચ્છા પાઠવી હતી. શ્રી હિંમતભાઈ ઓસ્ટ્રેલિયા હતા અને જ્યારે વરણી સમિતિ દ્વારા નિર્ણય લેવાયો ત્યારે પોતે પોતાની પત્ની ગીતાબેનને મુકીને તુંરત અમદાવાદ આવી પહોંચ્યા હતા તે વાતને યાદ









કરી માતૃસંસ્થા પ્રત્યેની સેવા, સમર્પણ ને બિરદાવી શ્રી પ્રવિણભાઈ કોટકે શ્રી હિંમતભાઈ  કોટકને અભિનંદન આપી આભારની લાગણી વ્યક્ત કરી હતી.

આ સમયે માતૃસંસ્થાના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર, મંત્રી શ્રી પિયુષભાઈ ગંઠા, ખજાનચી શ્રી નિતિનભાઈ પાંધી, સમગ્ર વિભાગીય ઉપપ્રમુખશ્રીઓ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રીઓ, વરિષ્ઠ હોદ્દેદારશ્રીઓ તથા સમગ્ર ટીમનો આભાર માની પોતાનું ઉદ્‌બોધન પુર્ણ કર્યુ હતું.આ સમયે ઓનલાઈન હાજર રહેલ પૂર્વ પ્રમુખ અને ટ્રસ્ટી શ્રી યોગેશભાઈ લાખાણી, નામાંકિત સોલીસીટર શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી, ટ્રસ્ટી શ્રી પરેશભાઈ ભુપતાણી, ટ્રસ્ટી શ્રી મોહનભાઈ ઠક્કર તથા સમગ્ર ટ્રસ્ટીગણ તેમજ માતૃસંસ્થાના અન્ય મહાનુભાવો પણ ઓનલાઈન ઉપસ્થિત હતા.

ત્યારબાદ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના નવા વરાયેલ પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીએ પોતાનું પ્રાસંગીક ઉદ્‌બોધન આપ્યું હતું. શ્રી સતિષભાઈએ વરણી સમિતિના નિર્ણયને વધાવતા જણાવ્યું હતું કે વરણી સમિતિના સભ્યો દ્વારા સર્વાણુમતે લેવાયેલ નિર્ણય પોતે સ્વીકારે છે અને સૌને સાથે રાખી, સંગઠન, સેવા અને સમર્પણ દ્વારા સમાજને એક નવી ઉંચાઈ પર લઈ જવા માટે કટીબદ્ધતા વ્યક્ત કરી સૌનો આભાર માણ્યો હતો.

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની શિક્ષણ સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી ધર્મેશભાઈ હરીયાણીએ પ્રાસંગીક ઉદ્‌બોધન કરતા જણાવ્યું








હતું કે માતૃસંસ્થાના અત્યાર સુધીના ઈતીહાસમાં શ્રી પ્રવિણભાઈ કોટક દ્વારા થયેલ કાર્યો ભુતકાળમાં ક્યારેય થયા નથી, શ્રી પ્રવિણભાઈ કોટકના નેતૃત્વમાં શિક્ષણ, આરોગ્ય ક્ષેત્રે થયેલ સેવાની સરવાણીને ઉચ્ચ સ્તરે લઈ જવા માટે ૨૦૧૬ થી ઉચ્ચ શિક્ષણ - આરોગ્ય સહાય માટે ઈન્ટવ્યુ શરૂ કરવામાં આવ્યા હતા. આમ, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રમાં જરૂરીયાતમંદ પરિવારોને રૂ. ૧,૦૦,૦૦૦ ની મર્યાદામાં મદદ કરી સમાજના વિકાશને વેગવંતુ બનાવ્યું છે. શ્રી ધર્મેશભાઈએ જણાવ્યું હતું કે શ્રી પ્રવિણભાઈ કોટકે જવાબદારી સાથે ઓથોરીટી પણ આપી છે, આ સમય દરમીયાન શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીને શ્રી ખિમજી ભગવાન ચેરીટી ટ્રસ્ટ તરફથી મળી રહેલ સાથ - સહકારને પણ વધાવ્યા હતા. તેમજ તેમના દ્વારા આગામી પાંચ વર્ષ માટેના તેમના વિઝન, ઈન્ટરનેશલન લોકોને જોડવા માટેના પ્રયાસો તેમજ તેમના દ્વારા થઈ રહેલ મહાજનોની શુભેચ્છા મુલાકાતોને પણ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

અંતે, આ શુભ દિવસે શ્રી લોહાણા મહાપરિષદના સહમંત્રી શ્રી અજયભાઈ મુળજીભાઈ ઠક્કર (લાલભાઈ) નો જન્મદિવસ હોવાથી તેમના સ્ટેજ પર પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક દ્વારા કેક કાપી શુભેચ્છા આપવામાં આવી હતી. સમગ્ર મીટીંગનું સંચાલન મંત્રી શ્રી હરીશભાઈ ઠક્કરે કર્યું હતું.





# વર્ષ ૨૦૨૦ - ૨૫ ની ટર્મ માટે શ્રી લોહાણા મહાપરિષદની મધ્યસ્થ મહાસમિતિની સૌપ્રથમ મીટીંગ ઝૂમ એપ પર તા. ૨૦ ડીસેમ્બર, ૨૦૨૦ ના રોજ અત્યંત સફળતાપૂર્વક યોજાઈ ગઈ.



માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરીષદની વર્ષ ૨૦૨૦ - ૨૦૨૫ ની સૌ પ્રથમ મધ્યસ્થ મહાસમિતિની મીટીંગ રવિવાર તા. ૨૦ ડીસેમ્બર, ૨૦૨૦ ના રોજ શ્રી અખિલ મહારાષ્ટ્ર લોહાણા સમાજ અને શ્રી મુંબઈ લોહાણા મહાજનના સંયુક્ત યજમાનપદે ઝૂમ એપ પર ઓનલાઈન બપોરે ૨.૩૦ કલાકે યોજાઈ.




ઉદ્‌ઘોષક શ્રી ચંદ્રકાન્તભાઈ તન્નાએ મીટીંગની શરૂઆત કરતા જણાવ્યું હતું કે માર્ચ ૨૦૨૦ પછી ની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા જે ઓનલાઈન મળવાનું થયું તેનાથી એક ફાયદો એ થયો છે કે મીટીંગ સમયસર શરૂ થઈ જાય છે. મુંબઈથી ઓનલાઈન જોડાયેલ યજમાન સંસ્થાઓ શ્રી અખિલ મહારાષ્ટ્ર લોહાણા સમાજ તથા શ્રી મુંબઈ લોહાણા મહાજનનો પણ આભાર માણ્યો હતો તેમજ આ મીટીંગમાં ઓનલાઈન જોડાયેલ માતૃસંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, હોદેદારશ્રીઓ, મહાજનશ્રીઓના પ્રતિનિધીશ્રીઓ અને દાતાશ્રીઓને આવકારી અભિવાદન કર્યુ હતું.

આ મીટીંગની શરૂઆત રઘુવંશી ધ્વજવંદન ગીત દ્વારા કરવામાં આવી હતી. આ ગીતમાં શરૂઆતમાં જેમને કોમેન્ટરી આપી છે તેવા રઘુવંશ ગૌરવ શ્રી આશીષભાઈ કક્કડનું અવસાન થયેલ છે જેમની આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરવામાં આવી હતી. કોરોના મહામારી તેમજ અન્ય આફતોને કારણે અવસાન પામેલ રઘુવંશીઓના મધ્યસ્થ કાર્યાલય પર પ્રાપ્ત થયેલ નામી, અનામી દિવંગતોને શ્રદ્ધાંજલિ અને શોક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

કોરાના મહામારી ચાલી રહી હોવાથી પ્રત્યક્ષ રીતે હાજર ન રહી શકનાર આ મીટીંગના યજમાન શ્રી અખિલ મહારાષ્ટ્ર લોહાણા સમાજ અને









શ્રી મુંબઈ લોહાણા મહાજન વતી સ્વાગત પ્રવચન શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી દ્વારા કરવામાં આવ્યું હતું. સર્વ મહાનુભાવોને આ સમયે ઓનલાઈન મીટીંગમાં જોડાવવા બદલ સર્વેનો આભાર માન્યો હતો. શ્રી પ્રવિણભાઈ કોટક અને શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીને અભિનંદન આપી હંમેશા સાથ સહકાર આપવાની કટિબદ્ધતા દર્શાવી હતી.



ત્યારબાદ મંત્રી શ્રી હરીશભાઈ ઠક્કર દ્વારા માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની તા. ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ અમદાવાદ ખાતે યોજાયેલ મધ્યસ્થ મહાસમિતિની બેઠકની મિનિટ્સનું વાંચન કર્યું હતું, જેને સભાની બહાલી મળતા પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના હસ્તાક્ષર પ્રાપ્ત કર્યા હતા.





શ્રી લોહાણા મહાપરિષદ અને રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટના નાણાકીય વર્ષ ૨૦૧૮ - ૨૦૧૯ તથા નાણાકીય વર્ષ ૨૦૧૯ - ૨૦૨૦ ના ઓડીટ થયેલા હિસાબોની રજૂઆત માતૃસંસ્થાના ઓડીટર શ્રી વસંતભાઈ અનારકટ દ્વારા કરવામાં આવ્યા હતા. જેને હાજર સૌ સભ્યોએ બહાલી આપી હતી. આ દરમીયાન શ્રી વસંતભાઈએ માતૃસંસ્થાના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી હિંમતભાઈ કોટક, શ્રી ધર્મેશભાઈ હરીયાણી, શ્રી અસીમભાઈ ઠક્કર, શ્રી શિલ્પાંગભાઈ કારીયા, મુંબઈના શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી, શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી, શ્રી જનકભાઈ ઠક્કર તેમજ ઓફીસ એડમીસ્ટ્રેશનનો સાથ સહકાર મળ્યો તે બદલ સૌનો આભાર માન્યો હતા અને નવા વરાયેલ પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી ને પણ અભિનંદન આપ્યા હતા. ઓડીટર તરીકેની પાંચ વર્ષ દરમીયાન પોતાની ટર્મને સતત પારદર્શક પુર્વક જવાબદારી સાથે નિષ્ઠાથી સેવા આપવા બદલ શ્રી વસંતભાઈ અનારકટના કાર્યકાળને પણ વધાવી તેમને અભિનંદન આપવામાં આવ્યા હતા.

એજન્ડા નંબર ૭ અનુસાર માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના આગામી પાંચ વર્ષ ૨૦૨૦-૨૦૨૫ માટે ઓડીટર તરીકે શ્રી પ્રવિણભાઈ કોટક દ્વારા અમદાવાદના એલ.જી. ઠક્કર એન્ડ કંપનીના શ્રી અસીમભાઈ ઠક્કરની નિમણુંક કરવામાં આવી હતી. શ્રી પ્રવિણભાઈ કોટક દ્વારા શ્રી અસીમભાઈને શાલ ઓઢાડી રાષ્ટ્રીય પક્ષી મોરનું સ્મૃતિ ચિહ્ન આપી તેમને માતૃસંસ્થા ના ઓડીટર તરીકે નિમ્યા હતા. શ્રી અસીમભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે પોતે આ સોશીયલ કાર્યોમાં અજ્ઞાન છે, પરંતુ શ્રી પ્રવિણભાઈ કોટક અને શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીના લીધે જ આ જવાબદારી સ્વીકારી છે અને











પુરી નિષ્ઠાથી નિભાવશે અને માતૃસંસ્થા ને સમર્પીત રહેશે.

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી ધર્મેશભાઈ હરીયાણી દ્વારા પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના વર્ષ ૨૦૧૫- ૨૦૨૦ ના પાંચ વર્ષના સમયગાળામાં માતૃસંસ્થાને હંમેશા તન, મન અને ધનથી સાથ સહકાર પ્રાપ્ત થયો તે બદલ શ્રી ધર્મેશભાઈ હરીયાણીને તથા સુ. શ્રી પારૂલબેન હરીયાણીને ખેસ પહેરાવી સન્માનિત કરવામાં આવ્યા હતા.

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદનું અનેરૂ સોપાન શ્રી ખિમજી ભગવાન આરસીટી ભાગવત અતિથી ભવનના મુખ્ય દાતા શ્રી ખિમજી ભગવાન ચેરીટી ટ્રસ્ટના ચેરમેન શ્રી જનકભાઈ ઠક્કર તેમજ ટ્રસ્ટી શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી, શ્રી કૂનાલભાઈ વજાણી ને ખેસ પહેરાવી, રાષ્ટ્રીય પક્ષી મોરનું સ્મૃતિ ચિહ્ન આપી પ્રાપ્ત થયેલ સાથ સહકાર બદલ તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું.



શિક્ષણમાં ૧ કરોડની ધનરાશી સમર્પીત કરી માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદને શિક્ષણ ક્ષેત્રે હરહમેંશ સાથ સહકાર આપનાર કચ્છ વિભાગના વિભાગીય ઉપપ્રમુખ શ્રી કે. સી. ઠક્કરને પણ પોતાના યોગદાન બદલ ખેસ પહેરાવી, રાષ્ટ્રીય પક્ષી મોરનું સ્મૃતિ ચિહ્ન આપી સન્માન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્ઝ પૈકી વર્ષ ૨૦૧૯ના બાકી રહેલ શ્રી તલકશીભાઈ દલછારામ કોટક ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરીત શ્રેષ્ઠ રઘુવંશી વ્યાપારી પ્રતિભા એવોર્ડ અમદાવાદના શ્રી નિલ ભરતભાઈ કોટક (ઈસ્કોન બાલાજી ફૂડ) ને ફાળવવામાં આવ્યો હતો.

એજન્ડા નંબર ૮ અનુસાર ગત વર્ષ ૨૦૧૯મા તા. ૨૧ જુન ના રોજ શ્રી યુ.એ.ઈ. લોહાણા મહાજનના યજમાન પદે દુબઈ મુકામે સફળતા પૂર્વક યોજાયેલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદનું ગ્લોબલ લોહાણા કન્વેન્શન - ૨નો અહેવાલ મંત્રી શ્રી હરીશભાઈ ઠક્કરે રજુ કરી કારોબારી સમિતિને માહીતી આપી હતી.

એજન્ડા નંબર ૯ અનુસાર મંત્રી શ્રી હરીશભાઈ ઠક્કરએ કોરોના વાયરસની વૈશ્વિક મહામારીના કારણે સમાજના પરિવારોને થતી હાલાકીમાં સમાજ ઉપયોગી થઈ શ્રી પ્રવિણભાઈ કોટક તથા શ્રી જયેશભાઈ કોટક દ્વારા શ્રી તલકશીભાઈ દલછારામ કોટક ચેરીટેબલ ટ્રસ્ટ વતી માતૃસંસ્થા દ્વારા આ મહામારીમાં જરूરિયાતમંદ પરિવારો માટે થયેલ સરાહનીય કાર્યો તેમજ વૈશ્વીક મહામારીને પહોંચી વળવા અને પોઝીટીવ દર્દીઓની સારવાર માટે શ્રી પ્રવિણભાઈ કોટકની પ્રેરણાથી રચાયેલ રઘુવંશી કોરોના સુરક્ષા સમિતિને અને પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક તથા સમગ્ર પરિવારને અભિનંદન આપ્યા હતા.



એજન્ડા નંબર ૧૦ અનુસાર મંત્રી શ્રી હરીશભાઈ ઠક્કરે મધ્યસ્થ મહાસમિતિની રચનામાં રહી ગયેલ મહાજનશ્રીઓ તથા સંસ્થાઓ તરફથી આવેલ પ્રતિનીધીઓનો સમાવેશ કરવા માટે આવેલ અરજીઓ અંગે રજુઆત કરવામાં આવી હતી, જેને હાજર મધ્યસ્થ મહાસમિતિના સભ્યોએ બહાલી આપી બંધારણના નિયમ અનુસાર યોગ્ય કરવા ઠરાવ્યું હતું.

ત્યારબાદ શ્રી પ્રવિણભાઈ કોટકે કરેલા કાર્યોની નોંધ લઈ પૂર્વ પ્રમુખ તથા વરિષ્ઠ ટ્રસ્ટી શ્રી





રવિન્દ્રભાઈ વાઘાણીએ શ્રેષ્ઠ ઉદાહરણ આપી જણાવ્યું હતું કે ક્રિકેટ મેચમાં જેમ ખિલાડી કેપ્ટન રીટાયર્ડ થાય છે પરંતુ પ્લેયર તરીકે તે રીટાયર્ડ નથી થતો તે જ રીતે શ્રી પ્રવિણભાઈ કોટક પ્રમુખ તરીકે રીટાયર્ડ થાય છે પણ પ્લેયર તરીકે નહી. આ સમયે મંત્રી શ્રી હરીશભાઈ ઠક્કરે હાજર સૌ ટીમને સ્ટેજ પાસે બોલાવી વિદાય લેતા પ્રમુખ શ્રી પ્રવિણભાઈનું ઢોલના તાલે વાજતે ગાજતે બહુમાન કરવામાં આવ્યું હતુ. ત્યારબાદ જ્ઞાતિ અગ્રણી શ્રી નવિનચંદ્રભાઈ રવાણી, શ્રી રવિન્દ્રભાઈ વાઘાણી અને શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી, શ્રી ઉમંગભાઈ ઠક્કર, શ્રી ભાવેશભાઈ લાખાણી દ્વારા વિદાય લેતા પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકને ખેસ -પુષ્પોની હારમાળા પહેરાવી તેમની માતૃસંસ્થા પ્રત્યેની સેવાને બિરદાવી હતી.



આ પ્રસંગે હાજર જ્ઞાતિ શ્રેષ્ઠી શ્રી શ્રી નવિનચંદ્રભાઈ રવાણી એ પોતાનું પ્રાસંગીક ઉદ્‌બોધન કરી હાજર સૌ મધ્યસ્થ મહાસમિતિના સભ્યોને ગત વરણી સમિતિની બેઠક વિશે ચર્ચા કરી માતૃસંસ્થાને શ્રી પ્રવિણભાઈ કોટક કેવી રીતે પ્રમુખ તરીકે મળ્યા તે જણાવ્યું હતું. અને તેમના સાથ સહકારને લીધે જ આજે માતૃસંસ્થા સાથે મુંબઈના દાતાઓ જોડાયેલા છે, વિદાય લેતા પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકને સફળ નેતૃત્વ પુરૂ પાડવા, અમદાવાદમાં માતૃસંસ્થાનું અતિથિ ભવન બનાવી સમાજને ભેટ આપવા, શિક્ષણ, આરોગ્ય તેમજ દરેક કક્ષાએ સમાજને સાથે રાખી દરેક રઘુવંશીને ગૌરવ થાય તેમ માતૃસંસ્થાનું ગૌરવ વધારવા બદલ તેઓને અભિનંદન આપ્યા હતા. તેમજ નવા પ્રમુખ તરીકે આવી રહેલ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી સફળ નેતૃત્વ પુરૂ પાડે અને સમાજમાં એકતા - અંખડતા બની રહે તે માટે તેમને અભિનંદન આપ્યા હતા.

ત્યારબાદ નવા વરાયેલ પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીને આવનારા સમય માટે સમાજ સેવા માટે કામની અનુકુળતા રહે તે માટે શ્રી નવીનભાઈ રવાણી એ એક ઠરાવ પસાર કર્યો હતો.

ઠરાવ - આજરોજ તારીખ ૨૦ ડીસેમ્બર, ૨૦૨૦ રવિવારના રોજ યોજાયેલ મધ્યસ્થ મહાસમિતિની મીટીંગમાં ઠરાવવામાં આવે છે કે શ્રી લોહાણા મહાપરિષદના બંધારણના કલમો હેઠળ સમસ્ત લોહાણા જ્ઞાતિના હિતાર્થે તથા સંગ્નાઠત્મક કામગીરી માટે નવ નિયુક્ત પ્રમુખ શ્રી સતિષભાઈ ધીરજલાલ વિઠ્ઠલાણી તેમના પદ સંભાળ્યા બાદ તમામ જરૂરી નિર્ણયો લેવા તથા બંધારણમાં સૂચવેલ હોય તેવા અને જરૂરીયાત મુજબના જ્ઞાતિ સંગઠનની ભાવના માટે નવા હોદ્દા તથા સમિતિ (સંક્રમણ સમિતિ સહીત) નું ગઠન કરવા બાબતે તેઓ અધિકૃત છે અને તે અંગે તેમના તમામ નિર્ણયો મધ્યસ્થ મહાસમિતિ તેમજ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા બહાલી આપવામાં આવે છે તેવું માનવામાં આવશે. આમ, હાજર સૌ મધ્યસ્થ





મહાસમિતિના સભ્યોએ આ ઠરાવને સર્વાનુમતે બહાલી આપી હતી.



એજન્ડા નંબર ૧૧ અનુસાર માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના તત્કાલીન પ્રમુખ શ્રી પ્રવિણભાઈ તલકશીભાઈ કોટકે પોતાનું અંતિમ પ્રમુખકીય ઉદ્‌બોધન કર્યું હતું. સૌ પ્રથમ શ્રી પ્રવિણભાઈએ ઉદ્‌ઘોષક તથા માતૃસંસ્થાના મુખપત્ર શ્રી રઘુકુળ વિશ્વના તંત્રી શ્રી ચંદ્રકાન્તભાઈ તન્નાનો આભાર માની તેઓએ કરેલ કાર્યોને  બીરદાવ્યા હતા. શ્રી પ્રવિણભાઈએ સૌનો આભાર માણતા જણાવ્યું હતું કે જેમ નવા પ્રમુખશ્રીનું સન્માંન થાય તેના કરતા પણ વિશેષ વિદાય લેતા પ્રમુખનું સન્માંન કરી સમગ્ર ટીમે તેમને જે સાથ, સહકાર, માર્ગદર્શન અને હૂંફ આપ્યો છે તે માટે સમગ્ર ટ્રસ્ટીશ્રીઓ, હોદેદારશ્રીઓ, કારોબારી તથા સમગ્ર ટીમનો તથા હંમેશા પોતાના આદર્શ રહેલા શ્રી નવીનભાઈ રવાણી, શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી, શ્રી જનકભાઈ ઠક્કર તથા સમગ્ર મુંબઈની ટીમ તેમજ મહીલાઓ માટે હરહમેંશ તત્પર એવા સુ. શ્રી રશ્મિબેન વિઠ્ઠલાણી તેમજ દાતાશ્રીઓનો પણ આભાર માણ્યો હતો. શ્રી પ્રવિણભાઈ એ જણાવ્યું હતું કે પોતે પ્રમુખ હોય કે ન હોય પણ સમાજ માટે એક સાચા સેવક તરીકે હમેંશા આ જ પ્રેમ, લાગણી રહેશે જ. અમદાવાદમાં બનેલ અતિથિ ભવન માટે શ્રી ખિમજી ભગવાન ચેરીટી ટ્રસ્ટ તરફથી પ્રાપ્ત થયેલ સાથ સહકાર બદલ આભારની લાગણી વ્યકત કરી હતી. શ્રી પ્રવિણભાઈ કોટકે સંપૂર્ણ હકારાત્મક અભિગમથી સંસ્થા, માતૃસંસ્થા, સમાજ માટે હમેંશા પોતે સેવક તરીકે કાર્યરત રહેશે જ તેવો ભાવ પ્રદર્શીત કર્યો હતો. આ સમયે શ્રી પ્રવિણભાઈ કોટકે શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીની નિમણુંકને વધાવતા વરણી સમિતિ દ્વારા થયેલ ચર્ચા, આવેલ પ્રતિનીધીઓના નામ, સૌએ કેવી રીતે પોતાનો સાથ આપી શ્રી સતિષભાઈને સર્વાણુમતે પ્રમુખ તરીકે વરણી કરી તેના વિશે જણાવ્યું હતું કે પોતાના અનુગામી તરીકે આવી રહેલ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીને અભિનંદન આપી પોતાની ગ્રેટફુલ એકઝીટ થઈ રહી છે તેનો આનંદ અને ગૌરવની લાગણી વ્યકત કરી હતી.

એજન્ડા નંબર ૧૨ મુજબ શ્રી લોહાણા મહાપરિષદના બંધારણની જોગવાઈઓ અન્વયે નવરચિત મધ્યસ્થ મહાસમિતિની પાંચ વર્ષના સત્ર (વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૫) માટે વરણી સમિતિ દ્વારા સર્વાણુમતે પસંદગી પામેલ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી ની મધ્યસ્થ મહાસમિતિ દ્વારા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ તરીકે વરણીની વરણી સમિતિના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક દ્વારા જાહેરાત કરવામાં આવી હતી જેને મધ્યસ્થ મહાસમિતિના પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે હાજર તમામ સભ્યોએ પોતાનો ટેકો આપી બહાલી આપી હતી.



ત્યારબાદ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પૂર્વ પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણીએ પોતાના પ્રાસંગીક ઉદ્‌બોધન આપતા જણાવ્યું હતું કે પોતે આ મીટીંગમાં ઉપસ્થીત ન રહી શક્યા તે બદલ દિલગીરી વ્યક્ત કરી હતી, નવ વરાયેલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ૧૫ માં પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીને અભિનંદન આપ્યા હતા તો સાથે સાથે દિવસના ૨૪ કલાકના

















સમયમાં સમાજ સાથે જોડાયેલ તમામ શ્રેષ્ઠીઓ, સભ્યો સમાજ માટે સેવા આપે છે, સમાજનું વિચારે છે, સમય આપે છે, સમય શોધી કાઢે છે તે સૌ હોદેદારો, સભ્યો અભિનંદનને પાત્ર ગણાવ્યા હતા. માતૃસંસ્થાને બધા જ પ્રમુખો વિઝન વાળા, દ્રષ્ટી વાળા, દિલ દિમાગ વાળા, સમાજની સેવા કરવા વાળા અને સમાજને એક સાચું નેતૃત્વ કરવા વાળા મળ્યા છે તે બાબતે શ્રી યોગેશભાઈએ ગૌરવની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીએ માતૃસંસ્થાના પ્રમુખ પદે શપથ લેતા પહેલા અમદાવાદ, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત, મહારાષ્ટ્રના દરેક મહાજનો તેમજ ઈન્ટરનેશનલ લોકો સાથે પણ જે રીતે મીટીંગોનું આયોજન કર્યું છે જેનાથી એ સ્પષ્ટ છે કે તેઓ માતૃસંસ્થાને એક નવી ઉંચાઈ પર લઈ જશે અને સમાજનો સર્વાંગી વિકાશ કરશે. દરેક મહાજન, સંસ્થાઓ માતૃસંસ્થા સાથે જોડાઈ રહે તે હેતુ થી દરેકનો સમાવેશ કર્યો તે બદલ અભિનંદન પાઠવી જણાવ્યું હતું કે દરેક સભ્યો, સમાજ અને પોતે પણ હંમેશા સાથે જ છે તેવી લાગણી વ્યક્ત કરી પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીને શુભેચ્છાઓ પાઠવી અભિનંદન આપ્યા હતા.

શ્રી ધર્મેશભાઈ હરીયાણીએ તત્કાલીન પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક અને નવ નિયુક્ત પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીને અભિનંદન આપ્યા હતા, તો પૂર્વ પ્રમુખશ્રીઓ શ્રી રવિન્દ્રભાઈ વાઘાણી, શ્રી યોગેશભાઈ લાખાણી, શ્રી પ્રવિણભાઈ કોટક દ્વારા થયેલ દરેક કાર્યોને બિરદાવી નવનિયુક્ત પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીને અભિનંદન આપ્યા હતા. શ્રી ધર્મેશભાઈએ શિક્ષણ ઉપર ભાર મુકતા જણાવ્યું હતું કે શિક્ષણ એ લોન્ગ ટર્મ ઇન્વેસ્ટમેન્ટ સમાન છે, સમાજ શિક્ષિત હશે તો સંગઠન, સમૃદ્ધ તો આપમેળે જ થઈ જશે.

શ્રી ખીમજી ભગવાન આર.સી.ટી ભાગવત અતિથિ ભવનના રીનોવેશન કરી તનતોડ મહેનત, નિષ્ઠાથી પૂર્ણ કરનાર માટે શ્રી જીતુભાઈ ઠક્કર (જેડી) નું સન્માન કરવામાં આવ્યું હતુ. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલયમાં દરેક કાર્યમાં નિષ્ઠા પુર્વક કાર્ય કરવા બદલ શ્રી જય નાગોરાનું શ્રી પ્રવિણભાઈ કોટક તથા નવ નિયુક્ત પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી દ્વારા સંન્માન કરવામાં આવ્યું હતુ. ત્યારબાદ શ્રી ખીમજી ભગવાન આર.સી.ટી ભાગવત અતિથિ ભવનમાં કાર્ય કરી રહેલ શ્રી હિતેશભાઈ ઠક્કર, માતૃસંસ્થાના સંયુક્ત મંત્રી શ્રી હર્ષદરાય ઠક્કરનું પણ સંન્માન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ જેની આતુરતાથી રાહ જોવાઈ રહી તે ક્ષણ આવી હતી, શ્રી નવિનચન્દ્રભાઈ રવાણીએ અંદાજે ૨૫ લાખ રઘુવંશીઓની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના નવ નિયુક્ત પ્રમુખ તરીકે શ્રી સતિષભાઈ ધીરજલાલ વિઠ્ઠલાણીને ૧૫ માં પ્રમુખ તરીકે શપથ ગ્રહણ કરાવ્યા હતા.

આમ, શ્રી પ્રવિણભાઈ કોટક એ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીને માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના નવ નિયુક્ત પ્રમુખ તરીકેનો ચાર્જ ધ્વજ અર્પણ કરી વિધિવત રીતે સોંપ્યો. આ પ્રસંગે હાજર સૌ કોઈએ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.







એજન્ડા નંબર ૧૩ મુજબ મધ્યસ્થ મહાસમિતિ દ્વારા વરણી પામેલા નવ નિયુક્ત પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીએ પ્રમુખકીય ઉદબોધન આપતા હાજર રહેલા સૌ મધ્યસ્થ મહાસમિતિના સભ્યોનો આભાર માન્યો હતો. સંગઠન, શિક્ષણ, આરોગ્ય, યુ.પી.એસ.સી.....જેવી આર્થીક સહાય માટે શિક્ષણ અને સ્કીલ ડેવલોપમેન્ટમાં આગળ વધીશું તો એક બજેટ બનાવી જુલાઈ માસથી શક્ય તમામ પગલા લઈ અનેક પરિવારો સુખી થશે તે માટે શ્રી સતિષભાઈએ પોતાના વિચાર રજુ કર્યા હતા, માતૃસંસ્થાની સહાય, વિચારો, કાર્યકરો ગામના છેવાડાના લોકો સુધી પહોંચે તે માટે અમદાવાદ, સૌરાષ્ટ્રમાં રાજકોટ, મુંબઈ જેવી જગ્યાએ માતૃસંસ્થાની ઓફીસ બનાવવા પોતાની ઈચ્છા વ્યક્ત કરી હતી. શ્રી સતિષભાઈએ પોતાને ભાગ્યશાળી ગણાવી કહ્યું હતું કે માતૃસંસ્થાનો ૧૧૦ વર્ષનો ઈતિહાસ છે, ૧૪ પ્રમુખ, અને એમાં પોતે ૧૫ માં પ્રમુખ બન્યા તે બદલ ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી.

શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીએ પોતાના પ્રત્યે દર્શાવેલ વિશ્વાશ, પ્રેમ, લાગણી બદલ સૌનો આભાર માનતા જણાવ્યું હતું કે  પોતે બંધારણને આધિન રહી સમાજની સાથે, સમાજ માટે, સમાજમાં રહીને કામ કરશે. બધા પ્રમુખોની રીત જુદી જુદી હોય પણ બધા જ પ્રમુખો કંઈક ને કંઈક સમાજ માટે આપતા ગયા છે તે માટે બધા જ પૂર્વ પ્રમુખશ્રીઓનો નતમસ્તક પ્રણામ કરી, એ લોકોએ કરેલ કાર્યો, પોતાનો સમય સમાજને આપ્યો અને બધાને સાથે લઈ આગળ ચાલશે અને હમેંશા હકારાત્મક રહી માતૃસંસ્થાને નવી ઉંચાઈ પર લઈ જવા કટીબદ્ધતા વ્યકત કરી હતી. આ સમયે મુંબઈના શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણીનો પણ આભાર માની તેમના અશિર્વાદથી સમાજ માટે હંમેશા તત્પર રહેશે. દરેક જગ્યાએ જયાં જ્યા જરૂર પડશે ત્યાં ત્યાં બધાની સલાહ લઈ આગળ વધશે. આ સમયે હાજર ૩૯ વર્ષના શ્રી કુણાલભાઈ વજાણી પોતે માત્ર ૩૨ વર્ષની ઉંમરે શ્રી ઘોઘારી લોહાણા મહાજન મુંબઈના પ્રમુખ બન્યા હતા,અને હાલ પી.એમ.ઓમાં ફરજ બજાવી રહ્યા છે જે માટે તેમને અભિનંદન આપ્યા હતા અને આવા જ યુવાનોને એક સાથે જોડી લોહાણા યુથ ફોરમ બનાવી સમાજના યુવા ધનને વિકસીત કરવા કટીબદ્ધતા વ્યકત કરી હતી. પ્રમુખ શ્રી સતિષભાઈએ શ્રી પ્રવિણભાઈ કોટક દ્વારા સમાજમાં થયેલ સંગઠનના કાર્યોને બિરદાવી, સંગઠન વધુને વધુ મજબુત થાય તે માટે દરેક પ્રયત્નો કરી સમાજને એકીમાર્ગે આગળ લઈ જશે તેવી લાગણી વ્યક્ત કરી હતી. શ્રી સતિષભાઈએ સમાજના પ્રેસ મીડીયા તેમજ પત્રકાર મીત્રોને જણાવ્યું હતું કે કદાચ કોઈ તકલીફ થાય તો મને કાનમાં આવીને કહેજો, બે વાર, ત્રણ વાર સુધરવાનો મોકો આપજો, હું ૧૦૦ ટકા સુધરીશ જો વ્યાજબી વાત હશે તો અને પછી જ આપ એને પ્રેસમાં છાપજો કેમ કે આમાં સમાજ પુરો બદનામ થાય છે અને સમાજની બદનામી આપણને ક્યાંયના નથી રહેવા દેતી. માટે પત્રકાર મિત્રોને આ તબક્કે વિનંતિ કરી હતી કે આપ બધું જ પ્રકાશીત કરજો પણ સમાજના ઝઘડાને ના છાપતા. આ મીટીંગમાં પાસ થયેલ ઠરાવ બાબતે કહ્યુ હતું કે સમાજને સાથે રાખવા અને સમાજના વિકાસ માટે જ આ ઠરાવ પાસ કરવામાં આવ્યો છે, કોઈ ખોટા હોદ્દાઓ કે સમિતિ રચવાનો નથી. ત્યારબાદ શ્રી સતિષભાઈએ પસાર થયેલ ઠરાવ એક વાર ફરી વાંચી સમાજને તેની જાણ કરી હતી. આ સમયે દરેક મહાજન - સંસ્થાઓને પણ વિનંતિ કરી હતી કે જે પ્રતિનિધીઓ મોકલાવેલ





છે, તેમનો સમાવેશ મધ્યસ્થ મહાસમિતિમાં થઈ ગયેલ છે, પરંતું બીજા કાર્યકર્તાઓ જે મધ્યસ્થ મહાસમિતિમાં નથી તે લોકોનું લીસ્ટ કાર્યાલય પર મોકલજો જેથી તે લોકોને પણ માતૃસંસ્થા ની સેવાકીય પ્રવૃત્તિઓમાં જોડી શકીએ.

શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીએ માતૃસંસ્થાના પ્રમુખના હોદ્દાની રૂએ ૫૧ સભ્યોને કો-ઓપ્ટ કરવાની સત્તા છે જેને વધારી બીજા ૧૦૦ સભ્યોને સામેલ કરવા માટે કહ્યું હતું જેને હાજર તમામ સભ્યોએ બહાલી આપી હતી, માતૃસંસ્થાના સંગઠનને વેગ આપતા આ નિર્ણયને વધાવ્યો હતો.

આ સમયે શ્રી સતિષભાઈએ ખાસ વિનંતિ કરી હતી કે પોતે દરેક મહાજન, ગામ, શહેરમાં સમાજ માટે પ્રવાસ કરશે. પોતે કોઈ બહુમાન કરાવા નથી આવતા જેથી દરેક મહાજનો ને વિનંતિ કરી હતી કે પોતાને કોઈ જ સાલ વગેરે ન પહેરાવે તેમજ કોઈ સ્ટેજ નથી જોઈતુ કેમ કે કોઈ મુરબ્બી નીચે બેઠા હોય અને પોતે સ્ટેજ પર હોંય તે શોભાસ્પદ નથી.

શ્રી સતિષભાઈએ ઈન્ટરનેશનલ સંસ્થાઓ, મહાજનો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી, દરેક સાથે મળી સમાજ માટે કામ કરવા કટીબદ્ધતા વ્યક્ત કરી હતી તેમજ તે માટે સંકલન સમિતિ બનાવવા જણાવ્યું હતું. શ્રી સતિષભાઈએ પોતાના પ્રોજેક્ટ વસ્તી ગણતરીને યાદ કરતા જણાવ્યું હતું કે લોહાણા કનેક્ટ એ શ્રી લોહાણા મહાપરિષદનું જ છે, માતૃસંસ્થા માટે જ છે, શ્રી લોહાણા મહાપરિષદ જ તેના માલીક છે અને રહેશે. લોહાણા કનેક્ટથી જ વસ્તી ગણતરી તેમજ અન્ય કાર્યશીલ કાર્યો બધાના સાથ, સહકારથી લોહાણા કનેક્ટથી કનેક્ટ થઈને મળશે તેમજ તેના થકી જે રકમ આવશે તે માતૃસંસ્થાના શિક્ષણ, આરોગ્યમાં વપરાશે તેવી લાગણી વ્યક્ત કરી હતી.

શ્રી સતિષભાઈએ પૂર્વ પ્રમુખ સ્વ. શ્રી મથુરભાઈ મજીઠીયા, સ્વ. શ્રી ચંદ્રસિંહભાઈ મીરાણી, શ્રી રવિન્દ્રભાઈ વાઘાણી, સ્વ. શ્રી જયંતિભાઈ કુંડલીયા, શ્રી યોગેશભાઈ લાખાણી અને શ્રી પ્રવિણભાઈ કોટકના કાર્યોને બિરદાવી તેમને પ્રણામ કર્યા હતા. અને જ્યાં સુધી નવી ટીમની રચના થાય ત્યાં સુધી વર્તમાન સમગ્ર ટીમને પોતાનું કાર્ય ચાલુ રાખવા જણાવ્યું હતું. આ સમયે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના રાષ્ટ્રીય મહિલા અધ્યક્ષ તરીકે સુ. શ્રી રશ્મિબેન વિઠ્ઠલાણીની નિમણુંક કરવામાં આવી હતી જેને સૌએ વધાવી હતી. નવા હોદ્દાઓ ન બને ત્યાં સુધી બેન્કમાં કે એડમીનીસ્ટ્રેશનમાં કોઈ બદલાવ નહીં આવે તે જણાવ્યું હતું.

આ મીટીંગના મુખ્ય યજમાન શ્રી અખિલ મહારાષ્ટ્ર લોહાણા સમાજ અને શ્રી મુંબઈ લોહાણા મહાજનનો આભાર માનવામાં આવ્યો હતો, તેમજ શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી અને સાથે શ્રી પિયુષભાઈ ગંઠા તથા સમગ્ર ટીમ દ્વારા કાનબાઈ હોલ, મુંબઈ ખાતે જે રીતે વ્યવસ્થા કરી તે બદલ મુંબઈની સમગ્ર ટીમનો આભાર માન્યો હતો.

અંતમાં, તત્કાલીન પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક અને નવ નિયુક્ત પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીએ માતૃસંસ્થાના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર, ખજાનચી શ્રી હિમંતભાઈ કોટક, મંત્રી શ્રી હરિશભાઈ ઠક્કર અને શ્રી રઘુકુળ વિશ્વના તંત્રી - ઉદ્ઘોષક શ્રી ચંદ્રકાંતભાઈ તન્ના નું બહુમાન કરી તેમની કાર્યોની નોંધ લઈ તેમને શુભેચ્છા આપવામાં આવી હતી. ત્યારબાદ હાજર સમગ્ર ટીમ, વિભાગીય ઉપપ્રમુખશ્રીઓ, સંયુક્ત મંત્રીઓ, સહમંત્રીઓ, હોદ્દેદારો, કાર્યકરોને ફુલ આપી સંન્માનીત કરવામાં આવ્યા હતા. શ્રી ભાવેશભાઈ લાખાણીએ પણ પોતાના પ્રવચન દ્વારા પ્રમુખ શ્રી સતિષભાઈને અભિનંદન આપ્યા હતા.




આ સમગ્ર મીટીંગનું સંચાલન શ્રી ચંદ્રકાન્તભાઈ તન્ના અને શ્રી હરીશભાઈ ઠક્કરની સમગ્ર ટીમ દ્વારા કરવામાં આવ્યું હતુ.



# પરિચય

# માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના નવનિયુક્ત ૧૫મા પ્રમુખ સહૃદયી શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી



ખૂબ જ તેજસ્વી, ઓજસ્વી, ઉદાર, શિક્ષણપ્રેમી અને સહૃદયી શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી ગૌરવવંત રઘુવંશી સમાજના એક બહુમુખી પ્રતિભા ધરાવતા જ્ઞાતિશ્રેષ્ઠી છે. એક ઉદ્યોગપતિ તરીકે વ્યાપાર અને વાણિજ્ય ક્ષેત્રના નિષ્ણાતો માટે તેઓ એક આદર્શ કર્મયોગી છે. અનેક ક્ષેત્રે ઊંડી સુઝ, સમજ અને નિસ્બત રાખી જ્ઞાતિ અને સમાજ જીવનમાં હકારાત્મક અને ઉર્ધ્વગામી પરિવર્તનોના દ્યોતક શ્રી સતીષભાઈ અત્યાર સુધીમાં અનેકના રાહબર બન્યા છે. હવે માતૃસંસ્થા લોહાણા મહાપરિષદના ૧૫મા પ્રમુખ તરીકે સહર્ષ જવાબદારી સ્વીકારી વિવિધ પ્રકલ્પો દ્વારા જ્ઞાતિવિકાસ સાધવાના નમ્ર અને દૃઢ ઈરાદા સાથે આપણી વચ્ચે પોતાની ટીમ સાથે આવી રહ્યા છે ત્યારે તેઓના જીવન અને કવનનો થોડો પરિચય કેળવીએ.

શ્રી સતિષભાઈનો જન્મ મુળ અમરેલીના પરંતુ પોતાના વ્યવસાય અર્થે વર્ષો પહેલા મુંબઈમાં સ્થાયિ થયેલા વિઠ્ઠલાણી પરિવારમાં ખૂબ જ સંસ્કારી માતા દમયંતિબેન અને અત્યંત સેવાભાવી તેમજ પરોપકારી પિતા શ્રી ધીરજલાલને ત્યાં તા. ૨૯ ઓગસ્ટ, ૧૯૫૮ના રોજ થયો. વિનમ્રતા, માનવતા, સારપમાં શ્રદ્ધા (faith in goodness), પરોપકાર અને નિઃસ્વાર્થ સેવા તેઓને બાળપણથી જ માતા-પિતાના સંસ્કારો દ્વારા વારસામાં પ્રાપ્ત થયા.

લોહાણાઓના લોહીમાં વેપાર, વાણિજ્ય, વિરતા અને સાહસ છલોછલ હોય છે. શ્રી સતિષભાઈએ ખુબ જ નાની ઉંમરમાં ભણતરની સાથે આ બધા જ ગુણોને સાર્થક કરી બતાવેલા. માત્ર ૧૬ વર્ષની લબરમુછીયા ઉંમરે ૧૯૭૪માં પોતાના પરિવારના વ્યવસાયનો વ્યાપ વધારવા તેઓએ વિદેશની ટુર કરી પાતોની તેજસ્વીતા, કૌશલ્ય અને સાહસિકતાનો પરિચય કરાવેલો અને પછી તો વિદેશ પ્રવાસનો આ સીલસીલો સતત અને અવિરત ચાલતો રહ્યો. કહે છે ને કે "જે ફરે એ ચરે" આ ઉક્તિ અનુસાર ખૂબ નાની ઉંમરથી સતત ફરતા અને સૌને મળતા રહેતા શ્રી સતિષભાઈના માં ઉંમર વધતા પહેલાં પરિપક્વતા, પાકટ્તા અને અનુભવનું ભાથું મોટું થઈ ગયું. પરિણામ સ્વરૂપ તેઓમાં માણસ પારખવાની, લોકોના દુઃખ, તકલીફ સમજવાની, માનવ જીવનના ખટમીઠા અનુભવોની સમજ અને પાકટતા કેળવાઈ ગઈ.

જીવન પરત્વેનો અનોખો અંદાજ અને અભિગમ તેમજ વેપારની ઉંડી સમજ અને આગવી સુઝ થકી તેઓએ માત્ર ૨૪ વર્ષની ઉંમરે એટલે કે ૧૯૮૨માં પોતાના વ્યવસાયને બીજમાંથી વડલો બનાવી સફળતાની ટોચે પહોંચાડી દીધો. ગુજરાતના વલસાડ ખાતે આવેલ આ વડલો આજે વટવૃક્ષ બની ગયો છે. જેનું સિંચન - સંચાલન શ્રી સતિષભાઈનો મીતભાષી દિકરો મીત બખુબી કર્યો રહ્યો છે અને એના કારણે જ શ્રી સતિષભાઈ માતૃસંસ્થાનું સુકાન પોતાના વ્યવસાય પરત્વે નિશ્ચિત બની સંભાળવા રાજી થયા છે. તેઓનો દિકરો મીત પણ જાણે શેર ઉપર સવા શેર હોય તેમ અત્યારે માત્ર ૩૨ વર્ષની ઉંમરે પિતાનો વિકસાવેલો આટલો મોટો વ્યવસાય ખૂબ જ સફળતાપૂર્વક સંભાળી રહ્યો છે.

શ્રી સતિષભાઈના વ્યક્તિત્ત્વના બે ઉદાહરણીય પાસાં. ઉદ્યોગ સાહસિકતા અને આધ્યાત્મિક સાધના ! Art of Living ના પ્રણેતા પૂજ્ય શ્રી શ્રી રવીશંકર મહારાજના તેઓ ચુસ્ત અનુયાયી જ નહીં પરંતુ શ્રી શ્રીના તમામ વિચારો અને વચનમાં અપ્રતિમ શ્રદ્ધા સેવતા શ્રી સતિષભાઈ આદર્શ ભક્ત છે. તેઓને મન સેવા એ સર્વોપરિ ભક્તિરૂપ સાધન છે. જ્ઞાતિ અને સમાજ ઉત્થાન તથા વિકાસના સેવા કાર્યોની શરૂઆત તેઓએ શ્રી ઘોઘારી લોહાણા મહાજન, મુંબઈના માધ્યમથી કરી. પોતાની આગવી સુઝ, સેવાની ઉંડી ભાવના અને ઉદ્યમથી તેઓ સમાજમાં એક અદના કાર્યકર તરીકે અલગ ઓળખ ઉભી કરી ત્યારે તેઓની માત્ર ૩૦ વર્ષની ઉંમર હતી. આજે શ્રી સતિષભાઈ આ જ સંસ્થા શ્રી ઘોઘારી લોહાણા મહાજન, મુંબઈના પ્રમુખ છે. પોતાના પ્રમુખ પદ અંતર્ગત આ સંસ્થાને સાવ અનોખી અને અદ્યતન બનાવી સૌની પ્રશંસા પ્રાપ્ત કરી છે. હાલમાં આ સંસ્થા દ્વારા રઘુવંશીઓની સુખાકારી અને વિકાસ માટે શિક્ષણ સહાય, આરોગ્ય સહાય, મેડિકલ કેમ્પ, વરિષ્ઠ નાગરીક સન્માન અંતર્ગત 'વડલો' પ્રકલ્પ, "ઘોઘારી સ્ટાર્ટ અપ" પ્રકલ્પ, સંસ્થાની વાડીને અદ્યતન સુવિધા સભર બનાવી, સંસ્થાની સ્થાવર મિલકતની યોગ્ય વ્યવસ્થા વગેરે સરાહનીય પ્રકલ્પોને લઈ એક સફળ પ્રમુખ તરીકે આ મહાજન સંસ્થાને નવી ઊંચાઈએ પહોંચાડી છે.

સ્વ. શેઠ શ્રી ખીમજી ભગવાનદાસે વર્ષ ૧૯૮૭ માં શ્રી ઘોઘારી લોહાણા સમાજના ઉત્કર્ષ અને વિકાસ અર્થે એ વખતમાં કે જ્યારે રૂપિયો ગાડાના પૈડા કરતા મોટો લાગતો ત્યારે એક લાખ રૂપિયાનું માતબર દાન આપ્યું હતું. આ દાનથી ઘોઘારી લોહાણા સમાજ ઉપરાંત યાત્રાધામ નાસિક

ખાતે ગોદાવરી નદિના કિનારે યાત્રીકોની સુવીધા માટે એક ધર્મશાળા બાંધવાનું સ્વપ્ન પણ હતું. મુરબ્બી શ્રી ખીમજી ભગવાનદાસના અવસાન બાદ શ્રી સતિષભાઈ અને ટ્રસ્ટીઓના પ્રયત્નોથી તેઓની સ્મૃતિમાં નાસિક ખાતે અધતન સુવિધા સાથેની ધર્મશાળા સફળતા પૂર્વક સંચાલિત છે જેનો લાભ ભાવિક યાત્રાળુ લઈ રહ્યા છે. આમ, શ્રી સતિષભાઈ અને તેમના સાથીદારોએ આ ટ્રસ્ટને નાસિક ઉપરાંત મુંબઈ ખાતે સ્થાવર મિલકત માટે સુંદર વ્યવસ્થા કરી છે એટલું જ નહિ પરંતુ ટ્રસ્ટને એક ખૂબ જ મજબુત અને માતબર રકમ સાથેનું ટ્રસ્ટ બનાવવામાં પણ સફળતા પ્રામ કરી છે.

શ્રી સતિષભાઈ ૨૦૦૧માં શ્રી ઘોધારી લોહામા સમાજ સંચાલિત શ્રી ખીમજી ભગવાન ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે નિમાયા ત્યારથી પોતાના સાથી ટ્રસ્ટીઓને સાથે રાખી આ ટ્રસ્ટને ખૂબ જ કુશળતાપૂર્વક સફળ અને મજબુત ચેરિટિ ટ્રસ્ટ બનાવી દીધુ છે. આ ટ્રસ્ટ શ્રી ઘોઘારી લોહાણા સમાજ ઉપરાંત સમગ્ર ભારતના રઘુવંશીઓની સુખાકારી માટે ઉપયોગી થઈ રહ્યું છે. જેમાં મુખ્યત્વે નાસિક ખાતેની અદ્યતન સુવિધા સાથેની ધર્મશાળા, તુલરી રોડ, મુંબઈ ખાતે વિશાળ જમીનનું સંપાદન, તેમ જ શ્રી ખીમજી ભગવાન આરસીટી અતિથિ ગૃહ, સોલા-અમદાવાદ ખાતેનું માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ પ્રેરિત અદ્યતન સુવિધાવાળુ બનાવવા મોટું દાન આપી શ્રી ખીમજી ભગવાનદાસનું નામ અમર કરી દીધું છે. શ્રી સતિષભાઈ વીઠલાણી હાલમાં આ અતિથિ ગૃહની સાથે સાથે સોલા ભાગવત વિદ્યાપીઠના પણ ટ્રસ્ટી બન્યા છે.

ઉચ્ચ શિક્ષણના હિમાયતી શ્રી સતિષભાઈ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ પ્રેરીત રઘુકુળ શિક્ષણ નિધિ માં પણ દાતા ટ્રસ્ટી તરીકે વર્ષોથી સેવા આપે છે. આ ઉપરાંત બેન્ક ઓફ બરોડાની વૈશ્વીક કક્ષાએ કાર્યરત સ્ટેન્ડીંગ કમિટિના તેઓ સક્રીય મેમ્બર છે, તે ખરેખર રઘુવંશી સમાજ માટે ગૌરવપદ ઘટના કહેવાય. શ્રી સતિષભાઈની યુવાન તરીકેની સેવાની સુવાસ અને માનવતાની મહેક એ વખતે માતૃ સંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ સુધી પહોંચી હતી અને તેથી મહાપરિષદના તત્કાલીન પ્રમુખ સ્વ. માન. શ્રી મથુરભાઈ મજીઠીયાએ આ યુવાનને શ્રી લોહાણા મહાપરિષદમાં સક્રિય થવાની તક આપી. છેક ત્યારથી આજ સુધી (લગભગ ૨૫ થી ૩૦ વર્ષથી) તેઓએ માતૃ સંસ્થાની નિષ્ઠાપૂર્વક સેવા માતૃસંસ્થાના પાંચ-પાંચ પ્રમુખશ્રીઓની સાથે રહીને કરી અને માતૃસંસ્થાના ઉદ્દેશ, ધ્યેય અને કાર્ય પદ્ધતિનો બહોળો અનુભવ પ્રાપ્ત કર્યો છે, એ પણ કોઈ મોટો હોદ્દો કે પદ લીધા વિના એક મુક સેવક તરીકે...!

પોતાના વ્યવસાય તેમ જ લોહાણા સમાજની વિવિધ સ્વરૂપે સેવા અને માતૃસંસ્થાના વર્ષોના અદના કાર્યકર તરીકેનાં બહોળા અનુભવે તેઓએ રઘુવંશી સમાજમાં આંતરરાષ્ટ્રીય સંબંધો પણ બખુબી વિકસાવ્યા છે. વર્ષ ૧૯૯૮ - ૯૯ માં શ્રી ચંદ્રસિંહભાઈ મિરાણીના નેતૃત્વમાં કેનેડા ખાતે આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલન યોજવાના પ્રયત્નોમાં શ્રી સતિષભાઈ ખૂબ જ સક્રિય રહ્યા હતા, જો કે સંજોગો વસાત આ સંમેલન ન યોજાઈ શક્યું પરંતુ આ પ્રયત્નોના ફળ સ્વરૂપ જ્યારે વર્ષ ૨૦૦૧માં ભયાનક ભૂકંપ વખતે કેનેડા સ્થિત લોહાણા સમાજ અને ત્યાંની ૐઙ્ઘછ - ઝઈૐ નામની સંસ્થાઓ પાસેથી કચ્છ - સૌરાષ્ટ્રમાં રાહત કાર્ય માટે માતબર રકમની સહાય મેળવવામાં શ્રી સતિષભાઈએ સિંહ ફાળો આપ્યો હતો. હવે વૈશ્વિક ફલક પર માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ તરીકે માતૃસંસ્થાના મહામંત્ર સંગઠન, સંનિષ્ઠા થકી સેવાને ખરા અર્થમાં ચરિતાર્થ કરવાની નેમ ધરાવે છે. પોતે પ્રમુખ બનતાની સાથે માતૃસંસ્થાની મધ્યસ્થ મહાસમિતિમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિવિધ દેશોના લોહાણા મહાજનને પ્રતિનિધિત્વ સૌની સંમતિથી અપાવ્યું અને હજુ વધુને વધુ દેશ અને  વિદેશના મહાજન શ્રેષ્ઠીઓને મહાપરિષદના મુખ્ય પ્રવાહમાં જોડવાની દિશામાં દ્રઢતાથી આગળ વધી મહાપરિષદને ખરા અર્થમાં વૈશ્વિક સંસ્થા બનાવવા નમ્ર પ્રયાસ કરી રહ્યા છે. શ્રી સતિષભાઈની અંહિ સુધીની સફળ સફરમાં તેઓના પત્નિ સુ. શ્રી રશ્મીબેન વિઠ્ઠલાણીનો ફાળો કંઈ નાનો સુનો નથી. એક ર્ઙ્મહજંક્ષ્ઙ્મ ર્ઙ્મૈક્ષ્હૈંહ ની જેમ સુ. શ્રી રશ્મિબેન એ શ્રી સતિષભાઈને હરકદમ સાથ આપી "દરેક સફળ પુરૂષની પાછળ એક સ્ત્રીનો હાથ હોય છે" એ કહેવતને સાબીત કરી બતાવી છે. અને હવે તો તેઓની પણ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મહિલા પાંખના અધ્યક્ષ તરીકે વરણી થતા જાણે સોનામાં સુગંધ ભળી છે. આપણે સુ. શ્રી રશ્મિબેનને પણ ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

"સમાજમાં એકનું નહીં પરંતુ ઐક્યનું મહત્ત્વ છે" તેવું દ્રઢપણે માનતા શ્રી સતિષભાઈની મધ્યસ્થ મહાસમિતિ સભામાં માતૃસંસ્થાના પ્રમુખ તરીકે વિધિવત્ વરણી થઈ તે પહેલા દેશના વિવિધ મહાજનો અને જ્ઞાતિ શ્રેષ્ઠીઓની આજના આ વિકટ કોરોના કાળમાં પણ રૂબરૂ મુલાકાત લઈ એકતા અને સંગઠનને મજબુત કરવાના પોતાના સ્વપ્ન અને નિશ્ચયને સાર્થક કરવાનો પ્રયાસ આદરી દીધો છે. તો સાથે સાથે સર્વે પૂર્વ પ્રમુખશ્રીઓએ આદરેલા શિક્ષણ, આરોગ્ય, થેલેસેમિયા, મહિલા અને યુવા વિકાસ જેવા મુખ્ય પ્રકલ્પોને વધુને વધુ રઘુવંશીઓ સુધી પહોંચાડવા તેઓ પણ કટીબદ્ધ છે. શ્રી સતિષભાઈ પોતાના પ્રમુખીય એજન્ડામાં ૨૫ જેટલા વિકાસશીલ મુદ્દાઓને લઈને મહાપરિષદને નવી ઊંચાઈ પર લઈ જવાની ખેવના ધરાવે છે ત્યારે આપણે સૌ તેઓને તન, મન, ધન અને હૃદયથી સાથ સહકાર આપીએ અને અપાવીએ તેમ જ દિલથી શુભેચ્છા પાઠવીએ કે શ્રી સતિષભાઈ આપ આપની ટીમ સાથે શ્રી લોહાણા મહાપરિષદને શ્રેષ્ઠતાના સર્વોત્તમ શિખરે પહોંચાડી માતૃસંસ્થાની ગરિમાને અને રઘુવંશી સમાજને ગૌરવાન્વીત કરો."

આલેખન - પ્રોફે. શ્રી ચંદ્રકાન્ત તન્ના
માહિતી સ્રોત - શ્રી ધીરૂભાઈ મીરાણી

# મહિલા વિભાગ

તા. ૫ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ ના મધ્યસ્થ કાર્યાલય ખાતે રાષ્ટ્રીય મહિલા અધ્યક્ષ સુ. શ્રી રશ્મિબેન વિઠ્ઠલાણીના નેતૃત્વમાં અમદાવાદમાં કાર્યરત દરેક મહિલા મંડળની બહેનો સાથે એક મીટીંગનું આયોજન રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના તત્કાલીન પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોટક તથા સુ. શ્રી અલકાબેન કોટક દ્વારા સુ. શ્રી રશ્મિબેન વિઠ્ઠલાણીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી પારુલબેન હરીયાણી, શ્રી વિભાબેન ઠક્કર, શ્રી ચંદ્રીકાબેન ભીમાની, શ્રી મનીશાબેન કારીયા, શ્રી ચંદાબેન માવાણી વગેરે બહેનોએ વિશેષ હાજર રહ્યા હતાં.

શ્રી લોહાણા મીલન મહિલા મંડળના શ્રી શીતળબેન અરુણભાઈ ઠક્કર તેમની સમગ્ર ટીમ, લોહાણા વનિતાના શ્રી ધારાબેન ઠક્કર, રઘુવંશી મહિલા મંડળના શ્રી ચંદ્રીકાબેન ઠક્કર, શ્રી લોહાણા પરિવાર મહિલા મંડળના શ્રી રંજનબેન ઠક્કર, શ્રી જલારામ સેવા મંડળ ખમાશાના શ્રી રશીલાબેન ઠક્કર, શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન અને શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન મહિલા મંડળના શ્રી દક્ષાબેન ઠક્કર - શ્રી ગીતાબેન ઠક્કર, શ્રી જલારામ મહિલા સેવા સમિતિના શ્રી રશ્મિબેન સુચક, શ્રી કચ્છી લોહાણા મહિલા મંડળના શ્રી ચારુબેન રંગવાળા, શ્રી ઉત્તર ગુજરાત લોહાણા મહિલા મંડળના શ્રી રીટાબેન ઠક્કર, શ્રી પૂર્વ લોહાણા મહિલા સમાજના શ્રી મોનાબેન ઠક્કર, શ્રી સમસ્ત લોહાણા પરિવાર મહિલા મંડળના શ્રી હેમાબેન ઠક્કર તેમજ અમદાવાદના તમામ મહિલા મંડળના સભ્યોએ હાજર રહી પ્રોગ્રામને સફળતા આપાવી હતી.

આ પ્રોગ્રામમાં અંદાજે ૧૦૦ મહિલાઓએ હાજરી આપી લોહાણા સમાજની નારી શક્તિના દર્શન કરાવ્યા હતા.













**RNI NO. : GUJ GUJ/2011/44815**
**'Registered under Postal Registration No. AHD-C/11/2020-2022 valid upto 31st December-2022 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'**
**Date of Publication :** 5th January 2021

( Govt. Recog. )

# MUKTAJIVAN

A GROUP OF EDUCATION

## MUKTAJIVAN ENGLISH SCHOOL

Pre-Primary, Primary, Secondary, Higher Secondary
Nr. Avkar Hall, Maninagar, Ahmedabad. Ph : 25441122

## MUKTAJIVAN VIDYALAY

Pre-Primary, Primary, Secondary, Higher Secondary
Opp. Samratnagar, Isanpur, Ahmedabad.
**Ph. : 25730333, 5732478**
**( English - Gujarati Medium )**

## MUKTAJIVAN SCIENCE SCHOOL

11th & 12th Science ( Eng & Guj. Medium )
Nr. Muktajivan Vidyalay, Isanpur, Ahmedabad. Ph. : 25730414

**શ્રી લોહાણા મહાપરિષદના નવ નિયુક્ત પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠલાણીને ખૂબ ખૂબ અભિનંદન.**

Printed and Published by SATISH D. VITHLANI on behalf of **SHREE LOHANA MAHAPARISHAD** and Printed at Print Vision Private Limited, Print Vision House, Lane Opp Ashwamegh Elegance 2, Ambawadi Market Ahmedabad – 380 006 and published from Shree Lohana Mahaparishad, Iscon Mega Mall Besement, Near Iscon Temple, S.G Highway AHMEDABAD - 380 059
Editor – **CHANDRAKANT J. TANNA.**